

આ અંકમાં વર્ણવેલા રામબાગ પ્લાન્ટેશન્સ વાળા, અમરેલી પાસેના ધારી ગામ આગળનો સુંદર જળધોધ

કુમાર ૧૮૯

સપ્ટેમ્બર '૩૯

આવતી કાલનાં નાગરિકોનું પત્ર

તંત્રી · રવિશંકર રાવળ ★ સંપાદક · બચુભાઇ રાવત

તસ્વીર

[illegible] વિજ્ઞાનના [illegible] કંપનીના [illegible] તગારી [illegible] ટેલીવિઝન [illegible] છે. [illegible] કેન્દ્રમાં [illegible] તેની સહકારી [illegible] કાઉન્ટિ [illegible] અને [illegible] જણાવે છે કે આ અંકમાંનું તેનું ચરિત્ર આપોઆપ તમને કહેશે. [illegible] વૈજ્ઞાનિક રંગરૂપાળો [illegible] તમે [illegible] કરો. એની જ [illegible] 'નવો અખતરો' આ અંકથી આરંભાય છે. એ [illegible] પ્રત્યક્ષ તત્ત્વજ્ઞાનની કલ્પના કે કલમની વકીલાત કરવાની હોય ખરી? [illegible] 'બાળક-પાડાનો ગુનો'માં કાકાસાહેબ કાલેલકર ઘરમના [illegible] એની માર્મિક વાર્તાઓ આપે છે. [illegible] 'પૃથ્વીના પડોશીઓ' વળી ચાલુ મહિનાઓમાં આકાશમાં બની રહેલા એક અગત્યના પ્રસંગ પર પ્રકાશ પાડી [illegible] છે. તો શ્રી હરિકૃષ્ણ વ્યાસ '[illegible]'ની [illegible] વિદ્યાપીઠ [illegible] માટે વ્યાપક દૃષ્ટિએ એ [illegible] ચર્ચા કરે છે. [illegible] સાથે [illegible] 'ધનેશ્વર' [illegible] છે. અને [illegible] સિવાય [illegible] વિના [illegible] છે. [illegible] 'સાગરના સંત્રી'થી માંડી 'પંચતંત્રની વાર્તાઓ' સુધીના [illegible] પણ [illegible] છે.

[illegible] સપ્ટેમ્બર [illegible] ૧૯૫૯ અંક ૨૯૯

કુમાર

ચિત્રો

કાવ્યો


ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

મુદ્રક [illegible] અને પ્રકાશક [illegible]; કુમાર [illegible] કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂ. ૬, [illegible] ૧૨ શિ. છૂટક [illegible] આના; [illegible]
કુમારમાંનાં [illegible]








ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ડાબી બાજુથી અનુક્રમે: 'આનંદ'–ભાઈ એન. એન. મૂળે (મુંબાઈ), બીજું ઇનામ; 'તોફાની'–ભાઈ અનિલકુમાર પટેલ (અમદાવાદ), ત્રીજું ઈનામ; 'પંકજ'–કુ. કુમા દેસાઈ (વડોદરા), ઉત્તેજના.



ભાઇ મારો

ચિત્રકાર · શ્રી વિનાયક માસોજી




યામિનીને કિનાર

· મંદાક્રાન્તા ·

આછીઘેરી પુર ઉપરની ધૂમ્રની ધૂંધળીમાં
ધીરેધીરે અરવ પગલે ઊતરે અંધકાર.
લીલાં ભૂરાં નયનમધુરાં ખેતરો ને બીડોમાં
વાંકી શિંગી, કૃષિક, દ્રુમ ને પંખીઓનાં અપાર
–થાક્યા જેવા લથડી નમતા ઘંટડીના સ્વરોમાં–
છાયાચિત્રો સજીવ રમતાં યામિનીને કિનાર.
ધીરે ધીરે નયનધન સૌ અંધકારે વિલાય,
ધીરે ધીરે શબ્દ શમતાં મૌન ઊંડું છવાય.

રે એ મૌને–ગહન ગરવી શાન્તિએ–શાંય જાદુ?
હૈયે જાગે સ્વપનમય કો રાગિણીનાં તુફાન.
પૃથ્વીપેટે સ્ફુરતી વહતી નિર્ઝરી જેમ સાહું
હોઠે આવી ફરકી ઝરતું મર્મરે રમ્ય ગાન.
ને ગાણાના ધ્વનિત પડઘા હોય જાણે ન એમ
વ્યોમે વ્યોમે તરલ ધવલા ફૂટતા તારલાઓ.

રાજેન્દ્ર શાહ



કઝિન્સ દંપતી

● બરાબર બે વાગ્યે અમે ટેબલ પરથી છૂટા પડયા. મારો વિચાર બીજે દિવસે નીકળવાનો હતો. એ વાત જાહેર કરી એટલે સૌએ ઘણાઘણા ભાવપૂર્વક વિદાય આપી ઠેઠ દરવાજા સુધી આવી પ્રો. રોરીક આશીર્વાદ રૂપે એક હાથ ઊંચો કરી ઊભા રહ્યા. મૅડમ હેલન રોરીકે તો કાઠીઆવાડી ભરતની જે કોથળી મેં ભેટ કરેલી તે છુગળકાભેર હાથમાં જ પકડી રાખી હતી. છૂટા પડ્યા પછી ડૉ. કઝિન્સ અને મૅડમ કઝિન્સ મને પ્રેમપૂર્વક પોતાના ધામમાં ખેંચી ગયાં. મિસિસ કઝિન્સે વરંડામાં મને એક ખાટલો અને કેટલાંક ઓશીકાં તથા ચોપડીઓ વગેરે આપી આરામ લેવા કહ્યું અને તેઓ આરામ લેવા પોતાના ખંડમાં ગયાં. હું તો દિવસ આખાને સ્વપ્નસમ જોતો તંદ્રામગ્ન પડ્યો રહ્યો. 'અગ્નિયોગ' નામનું એક પુસ્તક પ્રો. રોરીકે રશિયન ભાષામાં લખેલું છે તેનો અંગ્રેજી અનુવાદ મળેલો તે થોડો વાંચ્યો. એમણે જીવનનાં પરમ સત્યો ઉપર ખૂબ જ જ્ઞાન અને સાક્ષાત્કાર મેળવ્યાં જણાયાં.

ચારેક વાગ્યે મૅડમ કઝિન્સે ચા ઉપર બોલાવ્યો. આ પ્રવાસમાં મૅડમ કઝિન્સનો જે પ્રથમ અને નિકટ પરિચય થયો એ ભૂલાય એમ નથી. મારી દરેકે દરેક બાબતની ચીવટ અને કાળજી તે જ લેતાં. ડૉ. કઝિન્સ પર અવસ્થાની અસર છે, એટલે પહેલાં જેટલા સ્ફૂર્તિમાન તે નથી લાગતા; પણ મિસિસ કઝિન્સના પગમાં તો કોઇ શાળાની વિદ્યાર્થિનીને પણ પાછી પાડે એવાં જોમ ને ઉત્સાહ છે. ચા પીને મને કહે. ચાલ તને હું સામી ખીણમાંનું મારૂં ગામ બતાવું. બહાર વાદળાં ઘેરાતાં હતાં. ડૉ. કઝિન્સે શંકા બતાવી કે કદાચ ઝાપટું તૂટી પડશે. પણ મિસિસ કઝિન્સના સ્વભાવની એ વખતે જ ખબર પડી કે એ તો આફતને આવકારે એવાં છે. ઓવરકોટ એક નોકરને સોંપી અમે વાતો કરતા ચાલ્યા અને અરધા કલાકે એક પહાડી ગામમાં પહોંચ્યા. હિમાલયમાં જે દિવસે લોકો વસ્યાં તે દિવસે જે રીતે વસ્ત્રો થતાં હશે કે ઘર બંધાતાં હશે તેનો સંપૂર્ણ નમૂનો આ ગામડું હતું દરેક ઘરમાં શિયાળાના બરફ સામે ટકવાની, ચોમાસાના પાણીથી બચવાની, જંગલી જનાવરોથી બચવાની, પાક સંઘરવાની, એ સ્થાન પ્રમાણે પૂરી જોગવાઈ જંગલનાં જ સાધનો વડે કરેલી હતી. દરેક ઘરની આગળ એકએક શાળ હતી. ઊન સિવાય તો ત્યાં વસ્ત્રો જ ન મળે. અને પહાડ પર મોટી ગોળાકાર પગથીઓને પાળો ભરીને ખેતરો ઉગાડેલાં તેની શોભા તો ઓર જ હતી.

પણ આ લોકને નહાવાધોવાની બાધા. રોગ કે તાવથી હેરાન થતાં હોય તોપણ દવા ન કરે દેવતાઓની બાધા અને પૂજારીઓની કળા પર જ આધાર રાખે. કોઇ કાળે એમણે કલ્પેલી યે નહિ એવી રાજવ્યવસ્થાએ તેમની પાસેથી કર લીધા છે, તેમના જતવાળાઓને કોર્ટે ચડાવ્યા છે. કેટલાકને તો દારૂની લત પણ લાગી છે. આમ આ પહાડી જાતિ પર નવી સંસ્કૃતિના લાભોને બદલે ઝેર ચોંટ્યું છે. એમને પોતાના દેશવાસીઓ ગણી એમની ભેર તાણે કે એમને બચાવે એવો કોઇ બીજો શિષ્ટ સમાજ નથી. પંજાબના વકીલો કુલુની કોર્ટમાં તેમને ખેંચી મગાવે છે અને અંદર અંદર લડાવે છે; સરકારી માણસો તેમની વેઠ અને માલનો અયોગ્ય લાભ છે; એમના કામળા અને પટુઓ, વેપારીઓ કાપડ કરતાં યે સસ્તે ખેંચી જાય છે; એમનાં ખેતરોને કાંઠે ઉગેલાં આલુ અને શેબ લોકો બેચાર આનાની ટોપલીના ભાવે લઇ જઈ હિંદનાં શહેરોમાં રૂપિયાના ભાવો ઉપજાવે છે મિસિસ કઝિન્સે ગાંદી ડોશીઓને 'સલામ સલામ' કરી બોલાવી; મેલાઘેલાં છોકરાંઓને પોતાની કોથળી પરનાં ઝગકતાં આભલાં



બતાવી હસાવ્યાં; મને ઉપર નીચે ખેતરોમાં આડે કેડે તગડાવ્યો. થાક ચડયો ત્યાં સુધી ફરીને પાછાં વળ્યાં. મિસિસ

કઝિન્સ આ ઉંમરે પણ સ્ત્રી જાતિની પ્રબળ જ્યોત છે.

હિન્દી નારીઓનાં નિગેહબાન

● વરસાદ તો પડ્યો જ નહિ અને ઉઘાડ આવી ગયો એટલે અમે એક ખીણમાં અટારી પેઠે બહાર પડતી એક ટેકરીને છેડે મોટી શિલા પર જરા વિશ્રાંતિ લેવા અને દૃશ્યની મજા લેવા રોકાયાં. નોકરને વહેલા જવા રજા આપી દીધી. મૅડમ કઝિન્સને મેં વાતવાતમાં કહ્યું: 'તમે તો હિંદી નારીજગતને જાગૃત કરી દીધું છે. અને હવે પ્રાંતે પ્રાંતે જ્યોત જાગી છે.' એ સાંભળી તેમણે એક ઊંડો નિસાસો નાખી કહ્યું: 'ખરેખર? કહે, નવા યુગની નારીની તમારે ત્યાં શી દશા છે?' મેં એટલું જ કહ્યું, 'હું એ પ્રશ્નમાં બહુ ઊંડો ઊતરી શક્યો નથી, પણ હજારો દંપતી જોયા પછી પણ દાંપત્યનો આદર્શ સિદ્ધ થએલો ક્વચિત જૂજ જણાયો છે. નારીસ્વાતંત્ર્ય પુરુષને હવે પંપાળી શકે એમ તો નથી, તો પણ સમોવડ થવાની તાકાત બહુ દૂર દેખાય છે. હજી હજારો આપઘાતો, ત્રાસો અને યોગ્ય પતિના અભાવે ગમે ત્યાં ખપ્પરમાં હોમાતી કન્યાઓના કિસ્સા તથા આક્રંદ કોઇ સુખી સ્વપ્નની આગાહી આપતાં નથી. નારીજાતિનાં તેજ અને સંસ્કાર પુરુષવર્ગને ઝાંખાં દેખાડે છે એ ખરૂં, પણ તેની કદર અને ઉદાર સમાગમની આડે કંઇક બાધાઓ છે.' મને લાગ્યું કે હું આશાસ્પદ ચિત્ર આપી શક્યો નથી; અને ખરેખર મૅડમ કઝિન્સે બીજો નિસાસો નાખ્યો: 'પ્રભુ! ક્યાં સુધી, ક્યાં સુધી મારી પુત્રીઓ સમી અનેક કન્યાઓને હું ઝઝૂમતી જોયા કરીશ?' તેમને આત્મબળની જરૂર છે. જીવનની નિરાશાઓ એકલાં ખમી લેવાની તાકાત તેમને જોઇએ છે.' તેમણે એકબે જાણપિછાનના દૃષ્ટાંતો કહ્યા તેમાં એ જ કથા હતી. સુધરેલા સમાજનો પુરુષ પોતાનો યોગ્ય સાથી નહિ બને એવું જોઇને એક બહાદુર પુત્રી જાત બાંધી દેવા કરતાં એકલી જનસેવાના કાર્યમાં વરુણ બની બેઠી તેની વાત કહી. સંસાર ઠીક ન પડે તો કેટલી કન્યાઓ એકલી ચાલવાને તૈયાર છે તેના પર પુરુષોની સુધારણા અવલંબશે. એમના મનમાં હિંદની ભાવી નારીનું ચિત્ર કેવું હશે એ હું સંપૂર્ણપણે સમજી શક્યો નહિ, પણ મારી ખાતરી થઇ ગઈ કે તેમણે હિન્દી નારીના ઉદ્ધાર માટે હૃદયને ખૂણે ખૂણે અનુભવ, વ્યથા અને પરિશ્રમના કણો ભરી દીધા છે.

વિચારો અને વિદાયના ભારે મૂંગોમૂંગો હું તેમના આવાસ પર આવ્યો. મારે કંઇ જ ખાવું ન હોતું, પણ તેમના પ્રેમાળ આગ્રહને વશ થઇ ટેબલ પર વાતો કરતો બેઠો. થોડું ઠંડુ દૂધ લીધું એથી એમને સંતોષ થયો, છતાં ય વત્સલ ભાવે માર્ગારેટ માજીએ કહ્યું, 'Boy, you are starving yourself' (છોરા, તું ખોટી ભૂખ ખેંચે છે). જમી લીધા પછી ડૉ. કઝિન્સે મંડીમાં રોકાવાને બે પિછાનપત્રો લખી આપ્યા.

વૃદ્ધ કઝિન્સ દંપતીનો સ્વભાવમેળ પણ અજબ છે. એક બીજાની કદર કરે છે, એકબીજાની શક્તિઓ પિછાને છે, વ્યવસ્થા અને ચીવટ બેઉના પ્રધાન ગુણ છે. ડૉ કઝિન્સના લેખની ટાઇપ કરેલી કોપીઓ મિસીસ કઝિન્સ ઉતારે છે. મિસીસ કઝીન્સ વાંચતાં હોય ત્યારે ડૉ. કઝિંન્સ તેના પગ ઉપર કપડું ઢાંકી માખીઓ દૂર કરે છે. જાણે નાનાં બાળ-સાથીઓ હોય તેમ એકબીજાને આવા સાદા પ્રેમથી જીવનની તાજગી અર્પે છે અને સતત ઉર્ધ્વદૃષ્ટિ રહે છે. બન્ને ભૌતિક અને આધ્યાત્મિક જીવનનાં વિહારી છે. માનવજાતિ પર અપાર પ્રેમ કરનારાં છે. નથી તેમનામાં યુરોપીય છાંટ કે નથી વિદ્વત્તાનો અહંભાવ. એમના સમાગમમાં આવતાં તેઓ વધુ ને વધુ મહાન ભાસે છે. એમની સાથે મેં ગાળેલો બધો સમય અને એ પ્રસંગો ધન્ય રહ્યાં છે. એની મિઠાશ અને સુખદ સ્મરણો મન પર જડીને હું જવા નીકળ્યો ત્યારે પણ નીચેના ઢાળ સુધી તેઓ મૂકી ગયાં. હું એ જ વખતે જાણે ચાલી નીકળ્યો એમ લાગ્યું અંધારે ડાકબંગલામાં પહોંચ્યો. ત્યાં પણ લાગ્યું કે યાત્રા પૂરી થઇ, અસબાબ ઉઠાવવો જોઇએ. રામનાથને સવારની વર્દી આપી દીધી. સામાન ભેગો કરી લીધો અને જાણે ટ્રેનમાં જ બિછાનું નાખ્યું છે એમ માની સૂતો.

આ અંક તૈયાર થાય છે તે વખતે યુરોપમાં ભયાનક યુદ્ધની ઘટના મંડાઇ છે. તેને કારણે પ્રત્યેક માનવીને કંઇ ને કંઇ અણધાર્યા સંજોગોનો સામનો કરવાના પ્રસંગ સંભવે છે.

વિદાય

● સવારમાં છ વાગ્યે તો મજૂરો આવી ગયાના ખબર સાથે રામનાથે મને જગાડ્યો. આ પહાડી બ્રાહ્મણમાં ખૂબ નમ્રતા અને અધીનતા હતી. ઢોંગાઇ બિલકુલ નહોતી. માત્ર ગરીબીને લીધે આશાભગ્ન હતો. મને દેવદેવીમાં કાંઇ શ્રદ્ધા છે કે નહિ એવું પૂછવા લાગ્યો. મેં કહ્યું, 'તું બ્રાહ્મણ છે, એટલા માટે હું તારા પ્રતિ લાગણીથી કહું છું કે હવે એ રીતનું બ્રાહ્મણપણું નહિ નભે. દેવદેવીના પ્રતાપ કરતાં તારી પોતાની તપસ્યા અને સિદ્ધિ જ તને સહાય કરશે. આ પહાડો પર ફળોના બગીચાની ખેતી કરો, થોડું ભણો, બીજા પ્રાંતમાં માલ મોકલતાં શીખો અને માગવા કરતાં આપવાની ઇચ્છા રાખો.' મારો ઉપદેશ તેને ગળે ઉતારવાનું કઠણ હતું તેના ગામમાં જોઇએ તેવી શાળા નહોતી અંગ્રેજી ભણવા કુલુ જવું પડે તે પરવડતું નહોતું અને વિવાહના કોડ તો પહાડોમાં પણ આખા હિંદુસ્તાન જેવા જ, એટલે કોઈ સાહસ કે પુરુષાર્થ કરવા પામે જ નહિ. એની ચારપાંચ દિવસની સુશ્રૂષાનો વિચાર કરી મેં તેને બક્ષિસથી રાજી કર્યો. પછી પણ એ ભાવપૂર્વક એકાદ માઈલ સુધી મને વળાવી પાછો ફર્યો. નગ્ગર છોડ્યું. ઊતરતી વખતે તો જાણે કઇ જ થાક કે સમય

ન લાગ્યો, બધું જાણીતું અને પ્રવાસ ઊલટાવતું લાગ્યું, છતાં નગર ઉપર દેખાતા ધોળા ધાબા સમા શેરીક હૉલમાં કંઈક આંતરિક આધ્યાત્મિક લેણદેણનો હિસાબ મૂકતો આવ્યો.

શ્રીકંઠ હલવાઇની દુકાને

● કુલીને વિદાય આપી કટરાઇ ગામના મોટર રસ્તે એક પંજાબી દરજીની દુકાનમાં સામાન મૂકી મોટરની રાહ જોતા કલાક બેસવું પડ્યું. અહીં કટરાઇમાં જ નદી કાંઠે મીઠા પાણીની મચ્છીઓનું ઉછેર-પ્રયોગ ખાતું છે. તેમાં દેશદેશની મીઠા પાણીની માછલીઓ લાવી નવી જાતનો ઉછેર આ દેશમાં કેટલો શક્ય છે તેની તપાસ સરકાર ચલાવે છે. લગભગ દસ વાગ્યે મનાલીથી કુલુ જતી મોટરમાં ચડી બેઠો. સાડા અગિયારના શુમારે કુલુ પહોંચતાં મંડી જવાના ઝાંગે બધા પૅસેન્જરો ખાલી થઇ ગયા એટલે મેં પણ વસતીમાં જવાનો વિચાર માંડી વાળી એક હલવાઇની દુકાને સામાન ઉતારી નાખ્યો. તપાસ કરતાં ખબર મળ્યા કે બપોરે ત્રણ વાગ્યે મંડી જવાની મોટર મળે છે. વખત ઠીક મળ્યો એટલે હલવાઇને સામાનની ખબર રાખવાનું કહી, નીચે વહેતી નદી પર જઇ સ્નાન વગેરે પતાવી હું પાછો આવ્યો અને હલવાઇની દુકાનનો પ્રસાદ લીધો.

આ હલવાઈનું નામ શ્રીકંઠ હતું. ખરીદી કરનારા કે ખટાવનારા માટે એ કંઠમાંથી ભાતભાતનાં મોતી ખરતાં, પણ નોકર, માગણ કે તેના સુપુત્ર હૃષિકેશને સંબોધતી કે ધમકાવતી વખતે એ કંઠમાં કાંકરો ભરાતો. આ પ્રદેશમાં હલવાઇને ત્યાંથી કંઇ લેવાનું ઠરાવો એટલે તમારા ઉતારાનો ખર્ચ મોટો જ નહિ. મેં માત્ર બેત્રણ આનાનો જ તેના ગલ્લામાં વધારો કર્યો, તેનાથી યે તે પ્રસન્ન દેખાયો. એનાં પોતાનાં કામ પણ ટાઇમ ટેબલની માફક તે ઉકેલતો. એક તાવડો ચાસણીનો ઉતાર્યો એટલે તેની તેની પાછળ બુંદી, જલેબી, મોહનથાળ એમ ચાર પાંચ ચાસણીની વાનીઓ કરી નાખી. થડા ઉપર બેઠેલા નોકરને ટોકતો જાય, વળી તપેલાં ઉચકતો જાય. પ્યાલા કોઇ ઘરાક પીએ કે તુરત માટીથી ઉટકાય અને ધોવાય, પણ જે પાણીથી તે ઉટકાતાં મેં જોયાં તે પાણી જુઓ તો તમને હાથ લગાડવાનું યે મન થાય નહિ. રસ્તાની ઉપરવાસથી પહાડનું કોઈ નાનકડું ઝરણું વહેતું વહેતું દરેક દુકાનના આગલા પગથીઆ નીચેથી કચરો, થૂંક, એઠવાડ વગેરે ખેંચતું આવતું. એ ગંગાજળ બધી દુકાનનાં વાસણો અને એઠા હાથ સાફ કરવાનું સરળ સાધન હતું! એટલે મારે મારો જ પ્યાલો કાઢવાની તકલિફ લેવી પડી.

એક વાગ્યો એટલે શ્રીકંઠ શેઠ ચૂલ પાસેથી છૂટા થયા અને રૂખી (હૃષિકેશ)ને જરા દુકાન પર બેસવાનું કહી ખીંટીએથી મેશ જેવું પલાળિયું લઇ નદી પર ન્હાવા ઊપડ્યા. રૂખી નિશાળની બપોરની રજાને લીધે ઘેર આવ્યો હતો. તેણે થડા પર વેપાર કરતાં કરતાં દરેક વાની ચાખી જોઇ પણ સામે એક વર્ગ-ગોઠીઓ બેઠો હતો તેને એક માંડીઓ પણ ધર્યો નહિં. કેટલીક વાર ટગર ટગર તે જોઇ રહ્યો. આખરે ખીસામાંથી એક પૈસો કાઢી રૂખીને નાની પૂરી આપવા કહ્યું. રૂખીએ દુકાનમાં ઘરાકી વધારી તેનો હર્ષ માણતા ખરા વેપારીની જેમ તેને શાકપૂરી આપ્યાં. ઘરની તાલીમ કોઇ ઓર હોય છે. નિશાળના બીજાં બેચાર ગોઠીઆ આવ્યા, તેમણે પણ કંઇક કંઈક વકરો કરાવ્યો. આ બધા ય છોકરાઓમાં કોઇ અસલ વતની નહોતો. કોઇ પંજાબી, કોઇ યુ. પી.નો, કોઇ શીખ, એમ નોકરીધંધા કરનારાનાં છોકરાં માટે જ કુલુની શાળા કે હાઇસ્કૂલ નિર્માઇ હતી. થોડી વારે કોર્ટમાં રીસેસ પડી એટલે ત્રણચાર સૂટ ફેંટાવાળા જુવાન, આધેડ, વૃદ્ધ એવા વકીલો આવ્યા. શ્રીકંઠની જૂનીપાની પાટલી તેમને એક વિનોદનું સાધન લાગ્યું દરમ્યાન શ્રીકંઠ પણ સ્નાન કરીને આવી ગયો. સારા ઘરાકો દુકાન પર બેઠેલા જોઇ રૂખીને ખસેડી પોતે થડા ઉપર બેઠો અને વકીલ સાહેબોને સમાચારો પૂછતાં સૂચવતો ગયો કે 'સાબ, આજ તાજી જિલબી બનાઇ હય, યે બુંદી ભી અભી બનાઇ', વગેરે. પણ વકીલો કોઠાં જ નીકળ્યા. એક બીજાને કહે, 'ક્યોં સાબ, કુછ લેઓગે?' બીજો કહે, 'મેરેકુ વો પસંદ નહિ' ત્રીજો કહે 'કુછ તો લેઓજી', ચોથો કહે, 'જાને દો જી આજ તબિયત અચ્છી નહિ'. એમ કરતાં કોર્ટનો સમય થતાં બધા ચાલતા થયા અને શ્રીકંઠના કંઠમાંથી તેઓ ન સાંભળે એવા સ્વરે થોડાં સ્વસ્તિ (!) વાક્યો મેં સાંભળી લીધાં.

ઘરાકોએ પોતાની વાનીઓનો અનાદર કર્યો તેની દાઝ ટાળવા કે પોતાના પેટમાં જગ્યા જણાવાથી તેણે દરેક થાળમાંથી મૂઠી મૂઠી તેમાં ઓરી દીધી. એટલામાં રૂખીને વીલે મોંએ ઊભેલો જોઇ તડૂક્યો, 'ક્યોં, બદમાશ, ઇસ્કોલ કા ટાઈમ તો કબ સે હો ગયા.' રૂખી એ જ બાપનો બેટો હતો; તે કહે, 'જી, જી, પેટમેં કુછ હોતા હય, નદી પર જા કે આતા હું.' 'હં, હં, બચ્ચાજી! જૂઠ બોલ કે છૂટી પાને મંગતા હો?' રૂખી ખસે જ શાનો? પાતળો ઝીણી આંખવાળો રૂખી પડછંદ બાપના રૂપને ઓળખતો હતો. શ્રીકંઠને ઘરાકીમાં વિરામ લાગ્યો એટલે નોકરને બેસવાનું કહી દુકાનની બાજુ ખાટલો ઢાળી સૂતો અને ઊંઘ પણ ઝટ આવી ગઈ. રૂખી પેલું સુકાતું પલાળિયું લઇ નોકરને આંખ મારી સીધો નદીએ ગયો.

મેં આ બધો વખત મારી આગલી નોંધ લખી કાઢી. વચમાં વચમાં પોલિસો આવીને બેસતા, બાજુના મંદિરમાં પહાડીઓ તેમના ઝગડા પર સંવાદ કરતા, એ બધાં નાટકોના પ્રવેશો ભજવાયે જતા હતા એટલે મારો વખત વીતાવતાં મુશ્કેલી જણાઈ નહિ. ત્રણ વાગ્યે મંડી જનારી બસ ઉતારૂઓને લઇ ગામમાંથી આવી. તેમાં મેં જગ્યા મેળવી અને ફરી વાર બિયાસની ખીણના ચકાવા વીંધતો સાંજે અંધારૂં થવાની વેળાએ મંડી પહોંચ્યો.

(ચાલુ)

ર. મ. શ.

માનવ તત્ત્વનો મશાલચી

હેવલૉક એલિસ

● ● યુવાન પ્રજા તો એને જાતીય વિજ્ઞાનનું વિશ્લેષણ કરી તરુણોને સાચી સાન (sanity) આપનાર શિક્ષાગુરુ તરીકે જ ઓળખે છે; પણ એ ધીરગંભીર ચિંતક હતો, દ્રષ્ટા હતો, સંત હતો. જીવનના અગોચર તળમાં ડૂબકી મારી હાથ લાગેલાં સઘળાં રત્નોનું એણે જનતાને નજરાણું કર્યું, ને પિતા સમી હિતસ્વિતા, માતા સમા હેત ને ગુરુ સમી કલ્યાણવૃત્તિથી માનવતાનો આજીવન માર્ગદર્શક રહ્યો. ● ●



ડૉ. હેન્રી હેવલૉક એલિસ

(સર વિલિયમ રૉથેન્સ્ટાઇને કરેલા સ્કેચ પરથી)

જૂનો ચીલો ન છોડવા કરતાં ભૂલો કરીને ય નવે રસ્તે ધપવાના હિમાયતી ડૉ. હેવલૉક એલિસનું ગયા જુલાઇની ૮મીએ અવસાન થયું. જાતીય વિજ્ઞાનનું અણખેડ ક્ષેત્ર ખેડવાનું એણે માથે લીધેલું. એ ઉપેક્ષિત અને ત્યાજ્ય ગણાતા વિષયની છણાવટ ઇંગ્લંડની પ્રજા બરદાસ્ત ન કરી શકી. એણે જબરો વિરોધ ઉઠાવ્યો. પણ એ વિરોધ છતાં, લાગણીવશ સ્વભાવ અને તારુણ્યના ઉન્માદ છતાં, એલિસે કોઇ કાળે પોતાનો મનોનિર્ણય ડગવા નહોતો દીધો. એક યોદ્ધા પેઠે કલમનું હથિયાર સજી વિરોધીઓ સામે એ બાખડેલો; ને પોતાનાં વિધાનો ગળી જવા મથનાર પ્રજાસાગર સામે એ વિધાનોની જ નાવમાં અનેક મુમુક્ષુઓને આશ્રય અને રાહત આપી ચિંતનનો નવો કિનારો એણે બક્ષેલો. અનેકવિધ રીતે યુવાનોને સૌન્દર્ય, સાન (sanity) ને પ્રેરણાનું શિક્ષણ આપી યુવાન પેઢીનું ઋણ એ અદા કરી ગયો.

અને એથી જ હેવલૉક એલિસ, ગઇ સદીના અંત ભાગની ઇંગ્લંડે જગતને આપેલી સર્વશ્રેષ્ઠ ભેટ બની રહે છે. જાતીય માનસપ્રદેશમાં ઈ. ૧૮૭૬માં એણે ઝંપલાવ્યું ત્યારે ફ્રૉઇડ તો માત્ર વૈદકનો અદના વિદ્યાર્થી હતો ને ત્યાર પછી યે કેટલાં યે વર્ષો સુધી માનવજીવનની કુલમુખત્યાર તરીકે પોતે જાહેર કરેલી 'ઇડીપસ કૉમ્પ્લેક્સ'નો ફ્રૉઇડને ખ્યાલ સરખો નહોતો આવ્યો. છેક ત્યારે એલિસે પોતાનું સંશોધન કાર્ય શરૂ કરેલું, અને તે પણ સંપૂર્ણ શાંતિપૂર્વક. પોતાનાં તારતમ્યોની તરફેણમાં નહોતાં એણે જાહેર ભાષણો આપી લોકપ્રતિષ્ઠા મેળવવાનો પ્રયાસ કર્યો, નહોતાં મર્યાદિત વ્યાખ્યાનો આપી બુદ્ધિજીવી વર્ગની પ્રસંશાપ્રાપ્તિની તદબીરો યોજી.

દરિયા સાથે જ જેનું જીવન જોડાએલું એવા ખલાસી બાપને ત્યાં ક્રૉયડનના એક પરામાં ઇ. ૧૮૫૯ના ફેબ્રુઆરીની બીજીએ તેનો જન્મ થએલો. પિતાથી દરિયાની નિગેહબાની ન છોડાતાં એની નિગેહબાનીનો બધો ભાર માતા પર આવી પડ્યો. આને લઇને એલિસમાં માતૃહૃદયની સઘળી કુમાશ, સઘળી દ્રવિતતા ઊતરેલી.

નાનપણમાં એક વખત એલિસ નિશાળેથી પાછો આવતાં તેના ગળા પર એક ઊંડો ઉઝરડો પડેલો માતાના જોવામાં આવ્યો. તેણે કારણ પૂછતાં એલિસે જણાવ્યું કે 'એ તો એક છોકરાએ પેન્સિલ ભોંકી દીધેલી.'

'તો તો તેં એને બરાબર જેવો સ્વાદ ચખાડ્યો હશે.' માતાએ કહ્યું.

'ના; તો પછી એનામાં ને મારામાં ફેર ક્યાં રહ્યો?' એલિસે પોતા તરફથી દલીલ કરી.

નાનપણનો આ પ્રસંગ એલિસના જીવનપટનો આખો તાણો બતાવી આપે છે. અનુકંપા ઉપરાંત ફિરસ્તા જેવો એ બાળક નાનપણથી માંડી આજીવન એશઆરામ તરફ ઉદાસીન જ રહ્યો હતો.

કુટુંબને ક્ષય રોગનો વારસો હતો અને એલિસની તબિયત પણ નાજુક હતી, એટલે રખેને ક્ષયનો પંજો એના પર પણ પડે એ બીકે ૧૬ વર્ષની વયે તેને ઑસ્ટ્રેલિયા મોકલી દેવામાં આવ્યો. ત્યાં ન્યુ સાઉથ

વેલ્સમાં સિડની મુકામે શિક્ષક તરીકે તેણે કારકિર્દીનો આરંભ કર્યો. પોતાનું ભોજન ત્યારે હાથે જ એ પકાવી લેતો ને બાકીનો વખત જંગલોમાં રખડી, ઉમર ખય્યામના કોઈ મુર્શીદ પેઠે એકાદ દરખ્ત નીચે પડ્યા રહી, તે ચિંતનમાં મગ્ન બની જતો. એ ચિંતનનો વિપુલ પાક એણે ઊતરતી વયે લણ્યો.

કુદરતની ગોદમાં એનું દિલ પણ દ્રવીભૂત થતું ગયું ને કાવ્યનું ઝરણું તેમાંથી ફૂટી નીકળ્યું. શેલી જેવા વિશ્વકારુણ્યના ઉદ્દગાતાની અક્ષરમૈત્રિએ એ ઝરણાને પુષ્ટ કર્યું ને સૉનેટોમાં એણે પોતાનું દિલ ઠાલવવા માંડ્યું. સ્પેનનાં કેટલાંક લોકગીતોના અનુવાદ સાથે એ સૉનેટોનો સંગ્રહ ઉત્તર વયે એણે બહાર પાડેલો.

ચાર વરસ ઑસ્ટ્રેલિયામાં ગુજાર્યા પછી એ ઇંગ્લંડ પાછો આવ્યો, ને લંડનની સંત ટૉમસ ઇસ્પીતાલમાં દાયણ કામનો અભ્યાસ કરી ચાર વર્ષે ઉત્તીર્ણ થયો. થોડો વખત દાયણ કામની દાક્તરી પ્રકિટસ ચલાવી

સુભગ દર્શન

• પૃથ્વી •

ખડા! સજલ મેઘની વિમલ કાલિમાની ખડા!
રહસ્ય લઈ પ્રાણપૂર્ણ નવ અંકુરોનાં, અને
કૃશાંગી ચપલા તણા વિષમ નાશ સંપાતનાં
ખડી છ તવ મૂર્તિ ભીષણ–મનોહરા પશ્ચિમે
ધરા ધખતી ચંડ, બંગ સમ વ્યોમ વિસ્તારમાં
રજાન્વિત પ્રભા બની; ભીતરનાં તૃણો તલપતાં
અબોલ, સ્થલ, કાલ કાજ અનિમેષ; તૃષ્ણાભર્યાં
વનો, વનચરો, મનુષ્ય, વિહગો અજંપે ચડ્યાં.

તદા તવ રહસ્ય રૂપ તટહીન આકાશને
કરો અવનિની ભણી નત, ઝુકેલ પ્રેમે ભર્યું;
અને જીવન કંપતું સુખ અને અજાણ્યા ભયે
સબાષ્પ શિખીકંઠથી વિકલ ચીસ નાખી રહ્યું.
પ્રિયે! સુભગદર્શને! પલટી દૈન્ય છાઓ નભ!
ઝરો, શતસહસ્રધાર, નવજન્મ આશા શુભ!

'સ્વપ્નસ્થ'

(ખડા=આકાશમાં મોટા ખડક જેવું ચડી આવતું મેઘવાદળ–cumulus cloud; બંગ=કલાઈ; બંગસમ–કલાઇ જેવી સફેદ; શિખી=મોર.)

જે દરમ્યાન એને જાતીય મનોવિશ્લેષણની સામગ્રીરૂપ અનેક કેસો મળી રહ્યા. પણ પછીથી એ પ્રૅક્ટિસ પડતી મૂકી તે અભ્યાસ અને સંશોધનમાં ગૂંથાયો. ત્રીસની વયે એણે 'The New Spirit' બહાર પાડ્યું, જે એના મનોજીવનનો ઉપોદ્દ્ઘાત ગણી શકાય. ત્યાર પછી ૧૮૮૭માં જૂનાં નાટકોની એક શ્રેણીનું એણે સંપાદન કર્યું ને ૧૮૯૮માં સમકાલીન વિજ્ઞાન પરની પુસ્તકશ્રેણીનું, જે બંને શ્રેણી પોતપોતાના ક્ષેત્રમાં વિશિષ્ટ રહી છે.

પણ એના સંશોધનનો સંપૂર્ણ નિતાર અને તેની સૌથી ક્રાન્તિકર કૃતિ તો 'Studies in Psychology of Sex'નો તેનો છ મહાનિબંધોનો સમુચ્ચય. એની મહત્તા એ છે કે એને ટપી જાય એવો એકે ગ્રંથ હજી જગતભરના સાહિત્યમાં બહાર નથી પડ્યો. જો કે વેસ્ટરમાર્ક, ભીલોકીફ વગેરે તેનાં કેટલાંક વિધાનોમાં સુધારા કરતા જાય છે ને ફ્રૉઇડનો પંથ ધીમે ધીમે એ મહાગ્રંથને પશ્ચાદ્દભૂમિમા ધકેલતો જાય છે, પણ એથી એની આવશ્યકતા મટી નહિ જવાની.

છતાં ઇંગ્લંડ એ ગ્રંથના પ્રકાશનકાળે પૂર્વગ્રહોમાં એટલું ખચેલું રહેલું કે 'સ્પેક્ટેટરે' એ ગ્રંથનું અવલોકન કરતાં આરંભ જ આ રીતે કરેલો, 'મિ. હેવલૉક એલિસ—જો મિસ્ટર તરીકે તેને સંબોધી શકાય તો, કારણ અમને એ વિષે પૂરો શક છે', વગેરે. એ રીતે જ બધા યે પત્ર–પત્રિકાઓ એ પ્રકાશન પરે સૂગાઇ ઉઠેલાં ને છેવટે એ ખટલો કોર્ટ સુધી પહોંચેલો. દાવો પ્રકાશક સામે હતો એટલે એલિસથી કશો બચાવ થઇ શકે તેમ ન હતો. અને એ ખટલાને અંતે રેકૉર્ડરે પ્રકાશકને આ મુજબની તાકીદ આપી!—'જ્યાં સુધી આ જાતના ગંદા કાર્યમાં ફરી પાછો હાથ ન નાખતાં તમે માનભરી જિંદગી ગુજારતા રહેશો ત્યાં સુધી કશો જ વાંધો નથી; પણ જે ઘડીએ પાછા એ નાપાક માર્ગે વળ્યા કે તે જ ઘડીએ તમને અટકમાં લઇ લાંબો સમય સુધી તમને કેદમાં સબડાવવાની મારી ફરજ થઇ પડશે.'

આ તાકીદ પછી એલિસના પ્રકાશક જ્યૉર્જ બેડબરોએ કે બીજા કોઇ પ્રકાશકે તેનાં પુસ્તકો પ્રસિદ્ધ કરવાની હિંમત ન કરી. થોડો વખત એલિસ મુંઝાયો પણ પછી ફિલાડેલ્ફિયાનો એક હિંમતબાજ પ્રકાશક એને મળી આવતાં એ ચિંતા દૂર થઇ. ત્યારપછી એનું

'Man and Woman' અમેરિકામાં જ પ્રસિદ્ધ થયું.

જો કે 'Man and Woman'માં એણે સ્ત્રી-પુરુષ વચ્ચે પાડેલા ભેદો મૂળગત ન ગણાય. પાછળથી ઝુકરમાને એ વિષયમાં ક્રાન્તિ આણી દીધી છે. વળી એ લખતી વેળા સૂક્ષ્માન્વેષણ (microscopic investigation) પણ સુલભ ન હતું એટલે x અને y 'ક્રૉમૉસોમ્સ'ની પ્રક્રિયાથી પણ એલિસ અજ્ઞાન રહ્યા હતો, છતાં સામાજિક આચાર ઉપર તો હજુ એ પુસ્તક અજવાળું પાડવા સમર્થ છે.

આ રીતે એણે નિર્બન્ધ કરેલા જાતીય વિજ્ઞાનને નામે રળી ખાનારા લેખકો આજે જો કે ઘણા નીકળ્યા છે, ને જાતીય સાહિત્યમાં ગમે તેવી વાહિયાતીનો બાધ નથી રહ્યો, પણ એલિસનો તો જાતીય વૃત્તિના વિશ્લેષણ પાછળ એક માત્ર આદર્શ, 'જીવન પ્રત્યે વધુ આદર પેદા કરવાનો' હતો. જીવનનું એ અગોચર તળ એને રત્નગર્ભ જણાયું ને તેમાં ડૂબકી મારી તેને લાધેલા સઘળાનું એણે જનતાને નજરાણું કર્યું. જાતીય વિકૃતિઓના અંકુર ને વિકાસ પણ એણે આમૂલ જાણ્યાં હતાં ને એથી તો જગતભરના પ્રારંભિકો ને વિશારદો પત્રવ્યવહાર મારફત, પોતાને મૂંઝવતા પ્રશ્નોનો નિકાલ એ પિતા સમા હિતસ્વી, માતા સમા હેતાળ અને ગુરુ સમા હિતદર્શી પાસેથી મેળવતા રહેતા. ત્યાર બાદ 'The Criminal', 'A Study of British Genius' વગેરે ગ્રંથો માટેના માનસશાસ્ત્રના અભ્યાસે એને 'World of Dreams' લખવા પ્રેર્યો, ને સ્પેનની મુલાકાત લઇ 'The Soul of Spain'માં યુરોપની એ રહસ્યાંકિત ભૂમિનો સર્વાંગીણ પરિચય પણ એણે આપ્યો.

એ સિવાયનાં એનાં પુસ્તકોમાં મુખ્ય 'Impressions and Comments', 'Affirmations', 'The Origin of War', 'The Art of Religion', 'Philosophy of Conflict', અને 'Dance of Life' ગણી શકાય. જો કે એનું લેખનકાર્ય કદી બંધ પડ્યું જ નહોતું ને એવી એકે સાલ નહોતી ગઇ કે જેમાં એનું કોઇ નવું પુસ્તક કે જૂના પુસ્તકમાંથી કોઇની સંશોધિત આવૃત્તિ બહાર ન પડી હોય, પણ 'The New Spirit' જેમ એના મનોજીવનનો ઉપોદ્‌ઘાત લેખી શકાય તેમ 'Dance of Life' ઉપસંહાર લેખી શકાય. એ ગ્રંથ (જીવનનૃત્ય)માં એની જાણીતી શૈલીનો ઝંકાર નથી પણ એના આખા જીવનના ચિંતનનું નવનીત તેમાં ઊતર્યું છે. જીવનનું એમાં એણે વિશ્વના તાલબદ્ધ નૃત્ય તરીકે દર્શન કર્યું છે. અને નૃત્યમાં ને ચિંતનમાં, ધર્મમાં ને



કન્યાને

· મિશ્ર ·

આ 'મંગલસ્નાનવિશુદ્ધગાત્રી'
કન્યા પધારે ગિરિજા સમોવડી;
શું જાહ્નવી મારગ મોકળો કરી
સંસારના ઉંબરમાં પ્રવેશી?

· અંજની ·

કેશ છુટા, સિંદુર સેંથાએ,
અંતરપટ ખુલશે આજે, ને
રત્નદીપકનાં તેજ જીવનનાં
અંધારાં હરશે.
અલખભાવ અંતરમાં રમતાં
હૈયે ગીત મધુરાં ભરતાં
લજ્જા આંખોમાં નિતરતાં
સપ્તપદી ભરતી.
સહીયારી જીવનની, રાણી
હૈયાની તું, હાથ મિલાવી
દૂર ઉંચે નભ માંડી આંખો
ધ્રુવતારો જોતી.

· મિશ્ર ·

લીધાં વ્રતો અગ્નિ સમક્ષ કન્યકા
તે આજ આહીં કજળી જતો ભલે.
શમે ન, પ્રજ્વાલિત વહ્નિ રાખજે;
વસંતના ચેતન, પ્રાણ ઝીલતી
વસુંધરા શી જગને હુલાવજે.

હરિશ્ચંદ્ર ભ. ભટ્ટ

નીતિમાં, લેખનમાં ને નિરૂપણમાં એકાકી એ અવગાહકે જીવનનૃત્યનો યોગ્ય જ મર્મ બહાર આણ્યો છે: 'જીવનને સમજવા માટે આપણે માનવજીવનની ઊંચામાં ઊંચી ક્ષણોથી નીચામાં નીચી ક્ષણો સમજવી જોઇએ.'



હિમશ્વેત દાઢીમૂછ ને મુલાયમ જટા સાથે માયાળુ ચહેરા ને સંમોહક ભૂરી આંખોવાળો હેવલૉક એલિસ એક અગમ્યગામી ચિંતકના કરતાં કોઇ પૌર્વાત્ય સંતને વિશેષ મળતો આવતો. એના રસવિષયોમાં નૃત્ય, ફ્રેંચ સાહિત્ય, શરીરશાસ્ત્ર, ફિલસૂફી વગેરે અનેક વિષયોનો સમાવેશ થઇ જતો. ટૉલ્સ્ટૉય તથા ઇબ્સેનનો ઇંગ્લંડે બહિષ્કાર પોકારેલો ત્યારે આ તત્ત્વપારખુ પોતાના દિલમાં એમને માટે ઊંડો આદર સંઘરી રહ્યા હતો.

ઇ. સ. ૧૮૯૧માં મિસ એડીથ લીઝ નામની નિબંધ અને નવલકથાની લેખિકા સાથે તે લગ્નગ્રંથીથી જોડાએલો. ઓલિવ શ્રાઇનર, એડવર્ડ કાર્પેન્ટર ને વિલિયમ આર્ચર જેવા સમકાલીનોની બંડખોર છતાં અનુકંપાભરી જમાતમાંના એક તરીકે તેને ઓળખાવતાં તેની પત્નીએ લખ્યું છે: 'A hermit and yet an iconoclast, a lover of mankind and at the same time withdrawn from their haunts.'

અને જગતના સઘળા જ મહાન પુરુષોને માનવતાના આધ્યાત્મિક સેનાનીઓ માનનાર એલિસને ખુદ માનવ પ્રત્યે ઓછી અનુકંપા ન હતી. 'Impressions and Comments'માં એક ઠેકાણે તે લખે છે, 'મને જો કોઇના ય ભરપૂર વિચારો આવતા હોય તો માનવના જ... મને સમજાય છે કે જો કુદરતની સઘળી શોભા માનવમાં ઊતરી છે તો માનવની સઘળી શોભા કુદરતમાં પણ ઊતરી ચૂકી છે.'

વળી આજના યંત્રયુગથી પોતાની જાતને છેદી નાખવા મથતો હોય તેમ એ એકાંતિક ચિંતકે ઘરમાં વીજળી સુદ્ધાંને પ્રવેશ નહોતો આપ્યો. ફરજપરસ્તારીનું ભાન કરાવતા ભીંતે ટાંગેલા એના દાદાના બેરોમીટર સામે મીણબત્તીના શાંત પ્રકાશમાં બેસી એ કલમ નચાવતો. એક જ જગ્યાએ પણ એ ભાગ્યે જ બંધાએલો રહેતો. અભ્યાસમાં પરોવાવું હોય ત્યારે એ લંડનની લાયબ્રેરીઓની નજીકમાં મકાન રાખી ત્યાં રહેતો અને પછી એ અભ્યાસે પ્રેરેલું ચિંતન પુષ્ટબદ્ધ બનાવવા તે કોઇ ગામડામાં ચાલ્યો જતો, ને એમાંથી પરવારતાં લાંબીટૂંકી મુસાફરીએ ઊપડી જતો.

એના જેવા જબરા વાંચનારા યે બહુ ઓછા નીકળે. અને છતાં ઘણાની બાબતમાં બને છે તેમ એ વિપુલ વાંચને એની વિચારશક્તિને કુંઠિત ન કરી નાખતાં ઊલટો પાનો ચડાવ્યો હતો. પણ એના ચિંતનને મર્યાદા હતી. ને એ મર્યાદા એણે જાતે જ સ્વીકારેલી, કે 'સિદ્ધાંત ઠીક ઠીક અવલોકેલા અનુભવમાંથી જન્મવો જોઇએ, આત્મરત ચિંતન કે નિયમોના ખડકલામાંથી નહિ.' એટલે માનવપ્રવૃત્તિનાં અનેક પાસાં પર એ પોતાના મૌલિક વિચારો આપતો ગયો છે, પણ નવી દૃષ્ટિ નહિ.

ધર્મને એણે સર્વ અનુગમોથી પર કલ્પેલો. 'માનવના સઘળા જ્ઞાન અને અનુભવમાંથી જે સર્વોચ્ચ તત્ત્વ એને લાધે તે પ્રત્યેનો પૂજ્યભાવ તે ધર્મ', એવી તેણે ધર્મની વ્યાખ્યા મૂકેલી છે. યુદ્ધ અને સંઘર્ષ પર પણ એણે પોતાના વિચારો આપ્યા છે, પરંતુ તેના વૈજ્ઞાનિક વિશ્લેષણ કરતાં માનવહૃદયમાં રહેલા સદ્ તત્ત્વને તેમાં એ વધુ અનુસર્યો છે.

સ્વભાવે કવિ અને વ્યવસાયે વિજ્ઞાની એલિસમાં ડાર્વિન જેટલા સ્થૈર્ય સાથે હક્સલે જેવી સાહિત્યિક સુરાવટ પણ હતી. છતાં એનો સમગ્ર સાહિત્યફાલ રસ્કિન, એમર્સન કે વ્હિટમૅન જેમ પોતાના ચિંતનના દરિયામા આપણું સ્વત્વ ઓગાળી નાખવાની શક્તિ નથી ધરાવતો કે વોલતેર, કાર્લાઇલ કે નીટ્શે જેમ આપણું સ્વત્વ સર્વવ્યાપી બનાવવાની તાકાત પણ તેમાં નથી. એક નવા યુગનો પથપ્રદર્શક એ જરૂર હતો અને રહેશે, પેગંબર તો નહિ જ; અને એ નમ્ર બુઝર્ગે એવો દાવો કર્યો પણ નહોતો.


અશોક હર્ષ




તાજમહાલ

ફોટો

આર. ભારદ્વાજ





સ્વાસ્થ્ય · શક્તિ · સૌન્દર્ય

ભાઇ અલાબક્ષ કુરેશી

આજે જ ઘણે દિવસે આ વિભાગ દેખાય છે. આ વિભાગ શરૂ કર્યો ત્યારે તો એવી બીક હતી કે ગુજરાતી વ્યાયામવીરોના એટલા બધા ફોટોગ્રાફ આવશે કે એમાંથી બધાને ન્યાય આપવાનું દુષ્કર થઇ પડશે. પણ અનુભવ એથી ઊલટો જ થયો છે. પાંચ-પચીસને બદલે દર મહિને એકાદ છબી મેળવવી એ પણ મુશ્કેલ થઈ પડ્યું છે. એનું કારણ? ગુજરાતી યુવાનોનો વ્યાયામનો મોહ (!) જતો રહ્યો છે? કે પછી આમ છાપાને પાને ચડવાનો વૈરાગ્ય આવ્યો છે? અથવા છબી સંબંધની નોંધનો ભડકાવનારી નથી નીવડતી? એકનો સફળ પુરુષાર્થ અન્ય જિજ્ઞાસુને કેટલો ઉપકારક અને પ્રેરણા દેનાર નીવડે છે એ તો જેણે વ્યાયામ કર્યો હોય તે જ સમજી શકે માટે હું આશા રાખું છું કે જેમણે પ્રયત્નપૂર્વક શરીર કેળવ્યું છે એવા વ્યાયામપ્રેમીઓ એમની છબીઓ મોકલતા રહેઃ પ્રસિદ્ધિના લોભની ખાતર નહિ પણ અન્ય જુવાનોને માર્ગદર્શક થવા સારૂ.

આ ઉપરનાં બે ચિત્ર કરાચીવાળા વ્યાયામનિષ્ણાત ભાઈ ભૂપતરાય દવેએ મોકલ્યાં છે. ચિત્ર છે ભાઇ અલાબક્ષ કુરેશીનાં. નિયમિત વ્યાયામથી એકધારો શરીરવિકાસ કેટલો સરસ થાય છે, એનો આ સબળ દૃષ્ટાન્ત છે. ભાઈ અલાબક્ષનું વય ૨૬ વર્ષનું છે. એમની ઊંચાઇ ૫′ ૮″ ને વજન ૧૪૦ રતલ છે. વીમા કંપનીઓના ધોરણે ઊંચાઇના પ્રમાણમાં આટલું વજન બરોબર છે, છતાં ભાઈ અલાબક્ષનાં હાડકાં મોટાં દેખાય છે (કાંડું ૭″) એટલે વજન ઓછું ગણાય. એને લીધે જ આટલો સંપૂર્ણ સ્નાયુવિકાસ હોવા છતાં ચિત્ર ઉપરથી શરીર કાંઇક પાતળું કે દૂબળું જણાય છે. પહેલા ચિત્રમાં જણાતા સ્નાયુવિકાસમાં ખાસ કરીને ખભા અને પેટ ઉપરના સ્નાયુઓ ખૂબ સરસ કેળવાએલા દેખાય છે. સાથે છાતી અને બાવડાંની આગળ-પાછળના સ્નાયુઓ પણ ધ્યાન ખેંચે છે. બીજા ચિત્રમાં પીઠના સ્નાયુઓનો એટલો જ સરસ વિકાસ જોઇએ છીએ.

ભાઈ અલાબક્ષ સ્વતંત્ર વ્યાયામમન્દિર ચલાવે છે, એટલે એમના ધંધાને અંગે વિવિધ વ્યાયામપદ્ધતિઓનો એમને અનુભવ લેવો પડતો હશે. એ કારણથી પણ એમનું શરીર આટલું સરસ ઘડાયું હોય તો ના નહિ. આપણે આશા રાખીએ કે એમનો કેડ નીચેનો ભાગ પણ આવો જ સરસ હશે. જોકે એક વાતથી હું એ બાબતમાં શંકા રાખું છું. એ બાબત તે ભાઈ અલાબક્ષનો રોમન રિંગ્ઝ્ પરનો અદ્‌ભુત કાબૂ. અદ્‌ભુત એટલા માટે કે ભાઈ ભૂપતરાયના લખવા પ્રમાણે, એ રિંગ ઉપર 'લૅટરલ સસ્પેન્શન' અગર ક્રૉસ કરી શકે છે. હવે આમ કરવામાં, બંને હાથ બાજુએ ખભાથી લાંબા કરી, રિંગની વચ્ચે આખા શરીરને લટકાવવાનું હોય છેઃ માથું બંને રિંગની ઉપરની ધારની સીધી લીટીમાં રહે તે રીતે. આમાં અત્યંત અદ્‌ભુત સ્નાયુવિકાસ અને અસાધારણ સહનશક્તિની જરૂર હોવા ઉપરાંત, જેટલું વજન બે હાથની વચ્ચે જ અને એની પાસે હોય એટલી વધારે અનુકૂળતા થાય છે. એને લીધે જ ગમે તેટલો કેડ ઉપરના ભાગે સરસ શરીરવિકાસ હોય છતાં આવો ક્રૉસ કરનારના પગ હમેશાં નિરપવાદ પાતળા હોય છે. પાતળા એટલે નિર્બળ નહિઃ કેળવાએલા તો ખરા જ, પણ ઉપરના શરીર જેટલા ભારે કે માંસલ નહિ. એથી ઊલટું, એકધારો સમગ્ર શરીરનો વિકાસ સાધનાર પ્રથમ પંક્તિના વ્યાયામ કરનારા પોતાના પગના ભારેપણાને લીધે, ગમે તેટલી અસાધારણ શક્તિ અને લોકોત્તર બળ હોવા છતાં પણ લૅટરલ રેઈઝ કરી શકતા નથી. આવો રેઇઝ રામમૂર્તિ માટે, સન્ડો અને સેક્સન માટે અશક્ય હતો તેમ મીડ, ચેસ્ટન, સ્ટાઈનબૉર્ન વગેરે માટે પણ અશક્ય છે. આનું કારણ કેવળ એમનાં હેઠલાં અંગોના અસાધારણ વિકાસને લીધે એ અંગોનું ભારેપણું. આ જ તત્ત્વને લીધે રોમન રિંગ્ઝ ઉપર કામ કરનારા હમેશાં ઊંચાઈના પ્રમાણમાં હલકા વજનના હોય છે. આથી જ હું ભાઇ અલાબક્ષનાં હેઠળનાં અંગો, ઉપરના દેહની સરખામણીમાં પાતળાં (નિર્બળ નહિ) હશે એમ માનું છું. મારી માન્યતા નિરાધાર હોવાનું માત્ર એક કારણ છે, અને તે ભાઈ અલાબક્ષનો વેઇટ લિફ્ટિંગ ઉપરનો કાબૂ. એ કાબૂને જો ધ્યાનમાં લઇએ તો એમનાં નીચેનાં અંગ અસાધારણ કેળવાએલાં હોવાં જોઇએ, એમ માનવાનું મન થઈ જાય છે. એ સ્થિતિમાં તો એમના રોમન રિંગ્ઝ ઉપરના સ્વામિત્વનું એક જ કારણ હોઇ શકેઃ એમની ઊંચાઇના પ્રમાણમાં ઓછું વજન. ગમે તે હોય, પણ સાધારણ પગારની નોકરી કરનાર પણ એકનિષ્ઠ વ્યાયામોપાસનાથી સ્વપ્રયત્ને કેટલો સર્વોત્તમ શરીરવિકાસ સાધી શકે છે, તેનો સરસ દૃષ્ટાંત ભાઇ અલાબક્ષ કુરેશી પૂરો પાડે છે.

હરિનારાયણ આચાર્ય

'The man who could work miracles' નામક ફિલ્મ માટેની ચિત્રકથાના 'નશ' માસિકમાં આવેલા સંક્ષેપ ઉપરથી



જૂની દુનિયા ભૂંસવામાં થોડી નજીવી ગફલતથી નિષ્ફળ ગએલો એક નવો અખતરો



મિ. એચ. જી. (હર્બર્ટ જ્યૉર્જ) વેલ્સ બ્રિટનના સૌથી શાણા નાગરિક તરીકે ખ્યાત મિ. એચ. જી. વેલ્સથી 'કુમાર'ના વાચકો હવે અપરિચિત નથી. વિજ્ઞાનના અભ્યસ્ત વિવેચક ને પારદર્શી તત્ત્વજ્ઞ કરતાં યે વિજ્ઞાનના સ્વીકૃત, અર્ધસ્વીકૃત કે અસ્વીકૃત, સ્થાપિત કે કલ્પિત વિધાનોની આરપાર કલ્પનાને બહલાવતી રંગકથાઓ ગૂંથવા માટે એ વધુ ખ્યાત છે. અને એમની એ રંગકથાઓ કદી યે તકલાદી તરંગો રૂપે નહિ, પણ દુરાગ્ય કોઇ સંદેશના વાહક રૂપે જ નિર્માતી હોઇ એનું મૂલ્યાંકન પણ વિશિષ્ટ બુદ્ધિ-ખેડાણ માગી લેતું હોય છે. આ 'નવો અખતરો' એવી જ એક રંગકથા છે. વાચક જોશે કે માનવસ્વભાવની વિસંવાદિતાઓ પર જ એની એક પછી એક માંડણી થતી હોવા છતાં એના પાયામાં તો માનવમહિમા જ રહેલો છે.

●

'**આ** માણસો જુઓને? નાના નાના જંતુઓની પેઠે જ્યાં ને ત્યાં ટોળે મળી ઉત્પાત જ જગાવ્યા કરે છે! પ્રભુને એવાં નાનાં ને નાકૌવત પ્રાણીઓ સરજવાનું કેમ સૂઝ્યું હશે?'

ધુમ્મસછાયા દિવસ જેવું એ રાતનું આકાશ હતું ને પૃથ્વી પરની બંધ પડેલી પ્રવૃત્તિએ આકાશચારીઓમાં નવી પ્રવૃત્તિ આણી હતી ત્યારે એક તારો બીજા તારાને પૂછી રહ્યો હતો.

બીજો તારો: તેઓ નાકૌવત જ નહિ, પણ હલકટ, ક્રૂર ને મૂર્ખ પણ છે; બદમાશ છે ને કંજુસ પણ છે; એકબીજાના વિનાશમાં રાચનારા છે.

ત્રીજો તારો: પણ તેમની જિંદગી એટલી ટૂંકી છે અને શક્તિ યે એટલી મર્યાદિત છે કે . . .

બીજો તારો: અને વધુ શક્તિ હોત તો?

પહેલો તારો: ગમે તેમ, પણ મને એ પ્રાણીઓ ગમે છે. અને મને થાય છે હું મારી શક્તિના ભંડારમાંથી થોડીક તેમને આપું.

બીજો તારો: અરે નહિ, નહિ! એ મતલબી પ્રાણીઓને વધુ શક્તિ આપવા જેવું નથી. એને બદલે એ વધુ ઉત્થાન મચાવશે.

પહેલો તારો: તો જોયું જાશે!

ત્રીજો તારો: તમે કેવી ને કેટલી શક્તિ તેમનામાં પૂરવા માગો છો? ચાહે તેમ કરી શકવાની?

પહેલો તારો: ના, હું હદ રાખીને જ તેમને શક્તિ આપીશ. માણસમાં એવું કંઇક વસે છે, જે આત્મા કહેવાય છે. પ્રભુ સિવાય તેના રહસ્યની કોઇને જ ખબર નથી. બાકી તેમની ઇચ્છાશક્તિ સ્વતંત્ર છે.

બીજો તારો: પણ તમે બધાંને તો એ શક્તિ ન જ આપતા. પહેલાં એકાદ બેને અજમાવી જુઓ કે તેઓ એ શક્તિ જીરવી શકે છે કે નહિ.

ત્રીજો તારો: ના, ના, પહેલાં એક જણ ઉપર જ તેની અજમાયશ કરો.

પહેલો તારો: ચાલો ત્યારે, તેમ.

અને એ સંમતિ સાથે, દોડતી આંખ જેવું પહેલા તારાનું કિરણ, રાતની ગોદમાં લપેટાતી જતી દુનિયા ભણી દોડી નીકળ્યું. શહેરના દરવાજા પાસેની એક લૉજના રખેવાળને જગાડવા બૂમો પાડતો વીશેક વર્ષનો એક યુવાન ત્યાં દેખાયો.

બીજો-ત્રીજો તારો: હં, એ જ ઠીક છે.

રખેવાળે બારણું ઉઘાડ્યું અને બહાર ઊભેલો યુવાન લૉજમાં દાખલ થયો. પરશાળ પાસેની ઓરડીમાં બેઠેલા ટોળા વચ્ચે જઇ તે બેઠો.

'કેમ, સુબોધ, આજે આટલું મોડું?' પ્રવેશેલા સુબોધને તેના મિત્ર કંથારીઆએ પૂછ્યું.

સુબોધઃ પેલો વિનાયક ફિલ્મ જોવા લઇ ગએલો.

કંથારીઆઃ સુબોધ, તું ચમત્કારમાં મુદ્દલ નથી માનતો ખરું ને? હું તો માનું છું. હું તો એમ પણ માનું છું કે કોઇપણ ધર્મમાં ચમત્કાર એ મુખ્ય વસ્તુ છે.

સુબોધઃ અહોહો! તમે લોકો શાને ચમત્કાર નહિ ગણો? સૂર્ય ઊગે છે એને પણ તમે તો પછી ચમત્કાર જ ગણાવવાના!

પંડ્યાઃ અમારા ગામડામાં હજુ ઘણા તેને ચમત્કાર જ માને છે.

સુબોધઃ હું તો કહું છું કે માણસના જાણવામાં ન આવેલા કુદરતના અમુક ક્રમ સિવાય ચમત્કાર એ કશું જ નથી. દૂર શા માટે? અહીં જ આ બળતી મીણબત્તી પણ એક ચમત્કાર ન બની શકે?

બધાઃ નહિ જ.

સુબોધઃ ધારો કે કોઇ નવો આગંતુક અહીં જ આવી ઊભો. તેણે પોતાની બધી ઇચ્છાશક્તિ કેન્દ્રિત કરીને બત્તીને ઊંધી થઇ જવા હુકમ કર્યો. માની લો ને, હું જ કહું છુંઃ 'ચલ, મીણબત્તી! ઊંધી થઇ જા.'

અને સાચેસાચ, સામે બળતી મીણબત્તી ઊંધી થઇ ગઇ! એ કેમ બન્યું, શા માટે બન્યું, એવા વિચારોની પરંપરાએ બધાને ભડકાવી મૂક્યા ને સુબોધ અને કંથારીઆ સિવાય બધા બહાર નાસી ગયા.

સુબોધઃ કંથારીઆ, તારી પાસે માચીસ છે ને? બત્તી કર!

બીતાંબીતાં કંથારીઆએ મીણબત્તી પાછી સળગાવતાં બહારથી અંદર પ્રવેશતો ચન્દ્રકાન્ત બોલ્યોઃ 'ઝીણા તારથી આવી ટ્રિક કરતો એક સરકસવાળાને મેં જોયો હતો!'

ત્યાં તો બીજા બધા યે આવી પહોંચ્યા ને લૉજનો માલિક પણ આવી લાગ્યો. તેણે તો સુબોધને ઉધડો જ લીધોઃ 'મિસ્તર, આવાં નાટકો કરવાનું આ થિયેટર નથી. લૉજ છે લૉજ, સમજ્યા? અને તમારો મહિનો યે આજ પૂરો થાય છે ને? તમારા જેવા ઘરાકો મને નથી જોઇતા. કાલે ગમે ત્યાં તમારી સોઈ કરી લેજો.'

સુબોધથી આ અપમાન ગળી ન શકાયું. એ જ પળે તે બિસ્તરપોટલાં લઇ ચાલી નીકળ્યો ને રાતોરાત બીજી લૉજમાં સગવડ કરી લીધી.

નવી લૉજમાં તેને મળેલા ખંડનું બારણું બંધ કરી માથે હાથ દઇ સુબોધ બેઠો. 'સાળું, એ કેમ બની ગયું? મને તેમ કરવાનું મન તો ન હતું! ખરે, એ ચમત્કાર જ હતો. લાવને, હજુ ખાત્રી કરી જોઉં?'

સ્વગત બબડતા સુબોધે પોટલામાંથી એક મીણબત્તી કાઢી સામેના મેજ પર મૂકી પેટાવી. તેના ચહેરા પર ખુશાલી આવી ગઇ. તેણે જોરથી હાથ ઊંચો કર્યો ને કશા નિર્ણય વગર પાછો ટેબલ પર પછાડ્યો. ચહેરા પરના પલટાતા ભાવો તેને તેની જાત વિષે ભય પેદા થયાનું સૂચન કરતા હતા. તેણે મીણબત્તી સામું જોયું ને થોડી વાર હોઠ દબાવી રાખી બોલ્યોઃ 'ચલ, તું એક ફૂટ ઊંચી થઇ જા!'

અને ખરેખર મીણબત્તી એક ફૂટ ઊંચી થઇ ગઇ!

'ગભરાતો નહિ, સુબોધ!' તે મનોમન બોલ્યો, 'તારામાં કંઇક નવીન પેદા થયું છે.' પછી મીણબત્તીને હુકમ કર્યો, 'એટલે જ ખડી રહેજે, મીણનું એક ટીપું યે હેઠું પડવા ન દેતી.'



મીણબત્તી તેનું કહ્યું કરતી લાગી.

'પાછી મેજ પર આવી જા,' કહેતાંમાં તો મીણબત્તી પાછી મેજ પર ગોઠવાઈ ગઇ.

'ઓ પ્રભુ, આ શો ચમત્કાર! આહ, અપૂર્વ! હું ચાહું તે કરી શકવાની શક્તિ મારામાં આવી ગઇ જણાય છે. ચાલ ત્યારે, મેજ, તું અહીં આવી જા!'

અને મેજ તેના પગ પાસે આવી ગોઠવાઇ ગયું.

'અરે વાહ, આ તે ઇચ્છાશક્તિ કે ચમ-

કાર? .વે તો બિછાના પર ફૂલોનો ઢગલો થઈ જાઓ!' કહેતાં જ સુબોધનું બિછાનું ફૂલોથી ઢંકાઇ ગયું ને થોડી જ ગડમથલ બાદ એ સુંવાળી સેજ પર તેનાં પોપચાં બીડાઇ ગયાં.

સાત વાગતાં સુબોધ ઊઠચો ને ઊઠતાં વેંત રાતની વાત તેને સાંભરી આવી. 'શું એ સત્ય જ હતું?' તે ગાલ ખંજવાળવા લાગ્યો. 'ના ના, એ સત્ય જ હતુ.' કરમાએલાં પડેલાં ફૂલો ને ખસી આવેલા મેજે તેને વધુ ખાતરી કરાવી.

તે ઑફિસે જવા તૈયાર થયો. બહાર નીકળી રાજમાર્ગ પર આવતાં જ તેને તેની કૉલેજમિત્ર સ્નેહલતાનો ભેટો થયો. તેના કાંડા પર પાટો બાંધેલો હતો. તેની સાથે દુઃખતી આંખે વારંવાર પાટો લગાડતી તેની સહાધ્યાયિની માલતી હતી.

'લતા, આ શું?' તેના કાંડા તરફ નજર જતાં સુબોધ બોલ્યો.

લતાઃ મરડાઇ ગયું લાગે છે.

સુબોધઃ લાવ, હું તે સાજું કરી દઉં

લતાઃ સુબોધ, પણ કશા યે વગર—

સુબોધઃ હા, લતા, મારામાં હવે એ ખૂબી આવી ગઇ છે. જો!

લતાના કાંડા પરથી પાટો છોડી સુબોધ તે પર હાથ ફેરવતો કંઈક બબડયો ને કાંડું દુખતુ મટી ગયું.

અનિશ્ચિત આંખે લતા સુબોધને તાકી રહી. પછી માલતીને દેખાડતાં તે બોલી, 'ત્યારે આની આંખ તુ મટાડી શકીશ?'

સુબોધઃ બેશક વળી'

માલતીની આંખે હાથ ફેરવી તે મટી જવાનું કહેતાં તુરત તેની દુઃખતી આંખ બરાબર થઇ ગઇ.

લતાઃ સુબોધ, આ બધું કેમ બનવા પામે છે?

સુબોધઃ હું તે નથી જાણતો. મારે માત્ર મારી ઇચ્છાશક્તિ કેન્દ્રિત કરી હુકમ કરવો પડે છે અને તે પ્રમાણે બધું બની જાય છે!

માલતીઃ પેલી મીણબત્તીવાળી વાત કંથારીઆએ અમને કહેલી.

લતાઃ સુબોધ, તું તો ફિરસ્તો થઇ પડચો, જો! કોઇને ત્યાં રહેવા આવવાની તો ના જ પાડી દઇ તું ઝૂંપડાંમાં રહે છે અને તે પણ એકાંતરે તે બદલાવ્યા કરે છે, તો તારે માટે ખાસ્સો એક બંગલો ઊભો કરી દે ને?

સુબોધઃ શું તે પ્રમાણિક લેખાય?

માલતીઃ તેની શક્તિને અમુક હદ પણ હોવી સંભવે.

લતાઃ પણ સુબોધ, તારે હવે સાવચેતી વધારે-પડતી રાખવાની છે, હોં!

સુબોધઃ એ તો ચોક્સ છે. (ઘડીઆળ સામું જોઇ) ઠીક છે, અત્યારે તો ટાઇમ થવા આવ્યો છે; ફરી મળીશું. સાહેબજી.

લતા–માલતીઃ સાહેબજી.

સુબોધ ત્યાંથી ઑફિસે જઇ હસ્સાબંધ પોતાના ખંડમાં પેસી ગયો. કાગળના ચોપડા, ફાઇલો, કાગળીઆં, ફર્નિચર બધું અવ્યવસ્થિત કરી સૂની એક મેજ પર બે હાથ વચ્ચે માથું ઘાલી તે બેઠો. ત્યાં તો ખુદ મૅનેજર જ એ ખંડમાં આવી લાગ્યો. તેને જોતાં જ બધો વેરવિખેર સામાન ગોઠવાઈ જવાનો સુબોધે હુકમ કર્યો ને જોતજોતામાં તો બધું સપાટાબંધ જેમનું તેમ ગોઠવાઇ ગયું. આશ્ચર્યભરી આંખે આ બધું જોયા કરતો મૅનેજર બાકનો માર્યો બહાર નાસી ગયો પાછળ સુબોધનો હસવાનો અવાજ ગાજી રહ્યો.

સાજ પડી ને સુબોધ ફરવા નીકળ્યો. તેના ચહેરા પર પ્રેરણા સાથે કંઈક મનસ્વીપણાની છાંટ આવી હતી. લાકડી ઉછાળતો ઉછાળતો તે આગળ વધ્યે જતો હતો. 'હું ગમે તે કરી શકું છું. ધારું તો વિજ્ઞાનીઓને પણ હવે તો બાધા બનાવી શકું'



બોલતાં બોલતાં એણે પોતાની ધડકતી છાતી પર હાથ મૂક્યો ને બોખારો ખાધો. ઉત્સાહમાં આવી જઇ ફૂલના તાક પર તેણે જોરથી લાકડી પછાડી. લાકડી ભાંગી ગઇ. તે સાજી કરવાનો વિ-

ચાર કરે છે ત્યાં તો તેના મનમાં વળી નવો મુદ્દો ઊઠ્યો. લાકડીને જમીનમાં ખોસી તે કંઇક બોલ્યો, ને થોડીવારમાં લાકડીને ઠેકાણે ગુલાબનો છોડ ફૂટી નીકળ્યો.

ત્યાં પૂલને સામે છેડેથી કોઇ પોલીસ આવતો જણાયો. સુબોધે ગુલાબનો છોડ અદૃશ્ય કરી મૂક્યો ત્યાં તો પોલીસ આવી પણ પહોંચ્યો: 'કેમ મિસ્ટર, અહીં શા જાદુના ખેલો કરવા માંડ્યા છે?' તે બોલ્યો.

સુબોધ: એ જાદુ નથી; ખરૂં છે.

પોલીસ: એમ? ત્યારે તો તમે કોઈ સિદ્ધ મહાત્મા પુરુષ નીવડ્યા લાગો છો. તમારા જેવા મહાનુભાવો રસ્તામાં રખડતા ન હોય. ચાલો મારી સાથે, હું તમારે યોગ્ય સ્થાન તમને બતાવું!

સુબોધ: પણ હું તમને સમજાવું . . .

પોલીસ: એ અમારા વડા સાહેબને સમજાવજો.

સુબોધ: હું નહિ આવું.

પોલીસ: આવવું જ પડશે. હું—

સુબોધ: તું જા જહન્નમમાં!

અને પોલીસ ત્યાંથી ગેબ થઇ ગયો!

સુબોધ: એ ક્યાં ગયો હશે? ચન્દ્રમાં, મંગળ પર, કે અવકાશમાં ક્યાંક ઊડી ગયો હશે? બિચારો! જા, પાછો તારી ચોકીએ જા, મૂર્ખો ક્યાંનો! હા...હા...!

પોતાના ચમત્કારની સફળતા પર તે ખડખડાટ હસ્યો. ત્યાં બીજી બાજુ હાથમાં નોટ ને પેન્સિલ સાથે અચાનક પેલો પોલીસ પોલીસચોકીમાં ફૂટી નીકળ્યો. હાજર રહેલા બધા એથી ગભરાઇ જતા તેમને પોતાનું બ્યાન સંભળાવી તે શાંત પાડતો હતો.

સુબોધ હવે પૂલ પરથી પાછો ફરતાં વિક્ટોરીઆ ગાર્ડન પાસે જ તેને ચન્દ્રકાન્ત અને માલતીનો ભેટો થયો. ત્રણે સાથે શહેર ભણી વળ્યાં, પણ ભદ્ર પાસે આવતાં જ ટાવર સામું જોતો ચન્દ્રકાન્ત અટકી પડ્યો.

સુબોધ: કેમ, કાન્ત, આટલો ગભરાય છે કેમ?

ચન્દ્રકાન્ત: ઓહ, મારે સાત વાગ્યે મિ. મહેતાને ત્યાં પાર્ટીમાં જવું હતું ને સાત તો થવા આવ્યા છે. સુબોધ, તું કંઇ કરી શકીશ?

સુબોધ તૈયાર જ હતો. ભદ્રના ઘડીઆળ સામું તાકી રહી તે બોલ્યો, 'તું, તારા જેવાં બીજાં ટાવરનાં, ભીંતનાં, ખીસાનાં, કાંડાનાં બધાં ઘડીઆળો અરધો કલાક પાછળ પડી જાઓ.'

ને એના બોલી રહેવા સાથે ટાવરમાં ઘડીઆળના કાંટા સાતને બદલે સાડા છ પર આવી ગયા. ચન્દ્રકાન્ત સુબોધને શાબાશી આપતો ત્યાંથી ઊપડી ગયો. સુબોધ ને માલતી એકલાં પડ્યાં.



સુબોધ: માલતી, તું મને નથી ચાહતી?

માલતી: કેમ? સ્નેહલતા તો તને ચાહે છે ને?

સુબોધ: પણ મને તું વધુ ગમે છે. લતામાં તારા જેવી મસ્તી ને છટા નથી.

માલતી: જો સુબોધ, હું તને કેટલું ચાહું છું તે તો તું જાણે છે. બસ, એથી વધુ ચાહી નહિ શકું.

સુબોધ: ભલે, પણ માલતી! જરાક થોભ.

કહેતો તે માલતી સામે ટટ્ટાર ગોઠવાયો, માલતીની આંખોમાં પોતાની આંખો પરોવી તે બોલ્યો: 'માલતી, હું તને કહું છું કે તું મને ચાહવા માંડ!'

માલતી એક પળ મુગ્ધ ચહેરે તેની સામે જોઇ રહી પણ બીજી જ પળે એ મુગ્ધતા જતી રહી. 'સુબોધ, હું તને ચાહતી હતી તેથી લેશ પણ વધુ ચાહવા નથી લાગી. હું મીણબત્તી કે ઘડીઆળ નથી સમજ્યોને?' એટલું કહી હસતી હસતી તે ચાલી નીકળી.

અને અમુંઝણ ભર્યે ચહેરે સુબોધે પણ ત્યાંથી સીધો લૉજનો રસ્તો લીધો.

(ચાલુ) **અશોક હર્ષ**

કહેવત · કથન · કવિતા

ॐ

मौनम् सर्वार्थ साधनम्

ન બોલ્યામાં નવ ગુણ
સબસે ભલી ચૂપ
બોલે તે બે ખાય, અબોલે ત્રણ
મૂંગીમંતર, સાડાસત્તર

માલીકો ભલો બરસનો, ધોબીકી ભલી ધૂપ,
માગણકો ભલો બોલનો, ચતુરકી ભલી ચૂપ.

બળદ-પાડાનો ગુન્હો

માણસ પોતાના સ્વાર્થને અનુકૂળ પોતાનું જીવન ગોઠવે છે, અને તેમ કરતાં ધર્મબુદ્ધિ જ્યારે આર ભોંકવા માંડે છે ત્યારે તેને શાંત કરવા આવી વાર્તાઓ જોડી કાઢે છે

યાહુદીઓને ભારે મોટી ટેવ છે વાતવાતમાં ઈશ્વર પાસે જઈ પોતાનો ધર્મ શો એમ પૂછી લે. જેમ માણસ ઝીણવટથી સવાલ પૂછતો જાય તેમ ઈશ્વરને થાય છે આટલી ખણખોદ કરીને પૂછે છે ત્યારે એનું ધર્મનું જ્ઞાન ઊંડું હોવું જ જોઈએ. અને પછી ઈશ્વર એ પ્રમાણે આકરામાં આકરા ધર્મો બનાવતો જાય. એમ કરીને યાહુદીઓએ પોતાનો ધર્મ બહુ અઘરો કરી મૂક્યો એમ અમારા ઈમામ સાહેબ અમને કહેતા હતા; અને પૂજ્ય બાપુજી પાસે આશ્રમધર્મની છણાવટ કરાવતાં અમને રોકતા હતા. જેમ પૂછશો તેમ અઘરો ચુકાદો મળશે અને પછી પસ્તાશો. ઈમામ સાહેબની આ વ્યવહારુ સૂચનાથી અમને ઘણી રમૂજ પડતી.

હિંદુઓને પણ ઈશ્વર પાસે જઈ પોતાનો ધર્મ પૂછવાની ટેવ ન હતી એમ નહિ. એ વિષે નાનપણમાં ગામવૃદ્ધો પાસેથી સાંભળેલી એક વાત યાદ આવે છે.

માણસે વિચાર્યું કે દેવાધિદેવ મહાદેવ પાસે જઈ પોતાનો ધર્મ પૂછી લઈએ તો પછી મનમાં વસવસો ન રહે, કે આપણે ચાલીએ છીએ તે સાચે કે ખોટે રસ્તે. વૃદ્ધો ભેગા થયા, જુવાનિયાઓએ સ્વયંસેવક બની પરિષદની તૈયારી કરી અને પછી વામદેવ અને સોમદેવ, ત્રિશંકુ અને હરીત, દાલભ્ય અને બાસ્કલ ઇત્યાદિ ઋષિઓનું એક શિષ્ટ મંડળ મહાદેવને પૂછવા ઊપડ્યું. જેમતેમ કરતા સૌ કૈલાસ પહોંચ્યા. ત્યાં શ્રી દેવાધિદેવ ધ્યાનમાં બેઠા હતા. એમને મળવાની લોકોને છૂટ ન હતી. મહાદેવના અંગત સેક્રેટરી પોતાનાં બે શીંગડાં વચ્ચે પોતાનું માથું રાખી પહેરો ભરતા હતા. ઋષિઓ વિષે નન્દીના મનમાં મોટો આદર, એટલે એમણે ઋષિઓને આવવાનું કારણ પૂછ્યું. ઋષિઓએ માણસજાત વિમાસણમાં કેમ પડી છે એનું બયાન કર્યું. નન્દીએ કહ્યું, 'આવડી નાનકડી વાત માટે તમે મહાદેવ પાસે જઈ એમના ધ્યાનમાં વિક્ષેપ કરો એ ઠીક નહિ. તમારા આદરાતિથ્યમાં અને કુશળ પ્રશ્ન પૂછવામાં મહાદેવનો ઘણો વખત જશે. હું જ તમારા વતી અંદર જઈ અનુકૂળ વખત જોઈ પૂછી આવીશ. તમે અહીં નિરાંતે બેસો.

માથું ધુણાવતા ધુણાવતા નન્દી અંદર ગયા. મહાદેવ ક્યારે ધ્યાનસ્થ થાય છે અને સમાધિનું વ્યુત્થાન ક્યારે થાય છે એની નન્દીને પૂરેપૂરી ખબર. નન્દીના જવાબમાં મહાદેવે કહ્યું: 'માણસને કહેજે કે એ ત્રણ વાર નહાય અને એક વાર ખાય, એ એનો ધર્મ છે.' શીંગડાના ભાર તળે દબાએલા ભેજામાં મહાદેવનો સંદેશો ગોખતા ગોખતા નન્દી પાછા બારણે આવ્યા. ઋષિઓએ ઉત્કંઠાથી પૂછ્યું, 'દેવાધિદેવે અમારો શો ધર્મ કહ્યો છે?'

અનુપ્રાસ સ્મરણશક્તિને જેમ મદદ કરે છે તેમ કોક કોક વખતે મૂંઝવણ પણ ઉત્પન્ન કરે છે. 'ખાય' અને 'નહાય' તો બરાબર મળી રહ્યું, પણ ગણિતનો ગોટાળો થયો અને નન્દીએ કહ્યું છે, 'માણસો ત્રણ વાર ખાય અને એક વાર નહાય એમ મહાદેવની આજ્ઞા છે!' ઋષિઓ રાજી થઈને મૃત્યુલોકમાં આવ્યા. બારણે કોઈ નથી એમ જોઈ ભગવાનનાં દર્શનનો આનંદ લેવા ખાતર નન્દીભાઈ અંદર ગયા. અનુપ્રાસને કારણે મનુષ્યધર્મ એ બબડતા જ હતા. મહાદેવને શંકા ગઈ એટલે એમણે પૂછ્યું: 'તેં શું કહ્યું નન્દી?' નન્દીએ તરત બોલી બતાવ્યું કે 'માણસ ત્રણ વાર ખાય અને એક વાર નહાય એ એનો ધર્મ છે.'

'અરરર! શો ગોટાળો કર્યો તેં, નન્દી? મેં તને કહ્યું એથી બરાબર ઊલટું જ તેં કહી દીધું. માણસ ત્રણ વાર નહાય એટલે એનું ચિત્ત શાંત રહે, એનું મન નિર્વિકારી થાય, એનો સ્વાદ એના કાબૂમાં રહે; પછી તો એક વાર ખાઈને આખો દિવસ એ સાધના કરી શકે એવી મેં ગોઠવણ કરી હતી. અને તેં હવે, જો. કેવી પરિસ્થિતિ ઊભી કરી? માણસ એક જ વાર નહાય અને ત્રણ વાર ખાય એટલે એનું મન

ભિખારી થવાનું જ. એ ત્રણ વાર ખાય એટલે ભૂખ કરતાં વધારે ખાય; એનો સ્વાદ પણ વધે; એ રીતે પણ એના વિકારો વધે. આમ લોકસંખ્યા પણ વધવાની અને એ બધા જ ગોઠવણ કરતાં વધારે ખાવા માંડે એટલે જોતજોતાંમાં દુકાળ પડવાનો. અને પછી માણસને થશે કે અમને ભગવાને આવો ધર્મ કેમ સુઝાડ્યો હશે? ધર્મનું પાલન કરતાં અમે જોખમમાં શી રીતે આવ્યા?

તેં ભૂલ કરી છે તેનું પ્રાયશ્ચિત્ત હવે તારે કર્યે જ છૂટકો. તારી કાંધ આપ અને માણસ માટે હળ ખેંચીને જમીન ખેડવા માંડ. તારી મહેનતથી માણસ ખેતી કરશે ત્યારે જ માંડ એને ખોરાક પૂરો પડશે.

ત્યાર પછી બળદને માથે હળ ખેંચવાની જવાબદારી આવી ગઈ. અને માણસને જોઈતો ખોરાક બળદની મહેનતથી જ પૂરો થાય છે.

આંબાજી આગળ પાડાઓ કેમ વધેરાય છે એની પણ આવી જ એક રમૂજી લોકવાર્તા છે.

પડોશના એક ગામમાં એક વૃદ્ધ બ્રાહ્મણ શ્રોત્રીય અને શાસ્ત્રી તરીકે પંકાએલો હતો. લક્ષ્મી કરીને એને એકની એક દીકરી હતી. અનેક બ્રાહ્મણપુત્રો એની પાસે ભણીને દશ ગ્રન્થોમાં પારંગત થતા અને પોતપોતાના દેશમાં જઈ માન પામતા. હવે બન્યું એવું કે એ શ્રોત્રીયને બારણે એક અંત્યજ છોકરો રોજ વાસીદું વાળવા આવતો. કચરો વાળતો જાય અને વેદમંત્ર સાંભળતો જાય. બ્રહ્મચારીઓ અંદરઅંદર ચર્ચા કરે તે પણ એક ખૂણે બેસી એ સાંભળે. આમ કરતાં કરતાં અંત્યજ યુવાન પણ યથાકાળે દશ ગ્રન્થમાં અને છએ દર્શનોમાં પારંગત થયો.

હવે એને થયું કે આટલી વિદ્યાને જોરે પેલી લક્ષ્મીને કેમ ન મેળવું? એ લક્ષ્મીના પિતા પાસે ગયો અને બ્રાહ્મણ તરીકે પોતાને ઓળખાવી એણે લક્ષ્મી માટે માગણી કરી. લક્ષ્મીપિતાએ એ યુવાનની પરીક્ષા લીધી. જેમજેમ એ પ્રશ્ન પૂછતો ગયો તેમતેમ એ યુવાનની પ્રજ્ઞા, મેધા અને પ્રતિભાથી એ ચકિત થતો ગયો. એણે બહુ જ આદરપૂર્વક એ યુવાનને મધુપર્ક અર્પણ કર્યો અને શુભ મુહૂર્તે એને પોતાની કન્યા પણ આપી. સસરાને ત્યાં ઠાઠમાં થોડા દિવસ રહી પત્નીને લઈને એ ઘેર આવ્યો. ત્યાં લક્ષ્મી શું જુએ છે? બારણે જ હાડકાંનો ઢગલો પડ્યો છે, ઘરમાં ખરીની દાબડીઓ ગોઠવાઈ છે, તેલ રાખવા માટે દીવાલ ઉપર એક શીંગડું ટંગાયું છે. ગભરાઈને એણે પૂછ્યું 'આ બધું શું છે?' હવે તો લક્ષ્મી પોતાની થઈ ગઈ છે એ વિશ્વાસે એણે એને સાચી વાત કહી દીધી. લક્ષ્મીને તો તમ્મર આવ્યાં. પાણી લાવવા લક્ષ્મીપતિ અંદર ગયો એટલામાં લક્ષ્મીએ ભાનમાં આવીને દોટ મૂકી અને પિતા આગળ આવીને એ ઊભી રહી. કયા શબ્દમાં પિતા આગળ પોતાની થએલી આ દશા એ વર્ણવી શકે? એણે પિતાને પૂછ્યું 'પિતાજી, તમે ધર્મ જાણો છો? વટલાએલું માણસ શી રીતે શુદ્ધ થઈ શકે?' વેદીઆ પિતાએ તરત જવાબ આપ્યો: 'અગ્નિથી, બીજી રીતે નહિ.' દીકરીને આટલો જવાબ બસ હતો. એણે ચિત્તા સળગાવી, અને એની અંદર કૂદી પડી પ્રાણ છોડ્યા. લક્ષ્મીનો પતિ હાંફતો હાંફતો એની પાછળ આવી પહોંચ્યો. એટલામાં ગામવાળાઓને એ આખી બીનાની ખબર પડી. તેઓ હાથમાં કુહાડાઓ લઈને દોડ્યા. હવે પોતે બચવા નહિ પામે એમ જોઈ અંત્યજ લક્ષ્મીની ચિત્તામાં જ ભુસકો માર્યો અને આ રીતે લક્ષ્મી અને લક્ષ્મીપતિ એક ભવમાંથી મુક્ત થયાં.

લક્ષ્મી મરીને પોતાના સતને કારણે ગ્રામદેવતા બની ગઈ અને પેલો અંત્યજ બીજે ભવે પાડો બની ગયો.

અને તેથી જ ગ્રામદેવતા લક્ષ્મીની આગળ પાડો વધેરવાની પ્રથા શરૂ થઈ ગઈ.

હવે વાત એમ છે કે માણસ પોતાના સ્વાર્થને માટે પોતાનું જીવન જેમ ફાવે તેમ ગોઠવી દે છે અને તેમ કરતાં ધર્મબુદ્ધિ જ્યારે આર ભોંકવા માંડે છે ત્યારે તેને શાંત કરવા આવી આવી વાર્તાઓ જોડી કાઢે છે.

માણસને પોતાના સ્વાર્થ માટે બળદને ગુલામ કરી ખેતીમાં જોડવાનો કોઈ હક ન હતો. એ તો નરી જબરદસ્તી કહેવાય. બળદની ઉપયોગિતા એટલી બધી સિદ્ધ થઈ ગઈ છે કે બળદને મુક્ત કરવાનો ધર્મ માણસને ગળે ઊતરે જ નહિ; એટલે એણે આખી જવાબદારી બળદને માથે ઢોળવા માટે મજાની વાર્તા જોડી કાઢી.

દૂધ માટે ગાય અને ખેતી માટે બળદ એવી વ્યવસ્થા કરી માણસજાત સુખી થઈ અને પછી એને માંસાહાર છોડી દેવાનું સૂઝ્યું. (અનુસંધાન પૃ. ૪૧૩મે)

દસકાઓ નહિ પણ સૈકાઓમાં યે બનવા વિરલ એવા યોગ સાથે ચાલુ મહિનાના આકાશમાં એકીસાથે નજીક આવેલા

પૃથ્વીના પડોશીઓ



ગયા ઑગસ્ટથી માંડી આ ચાલુ ત્રણ મહિના સુધી આપણ પૃથ્વીવાસીઓ માટે વિરલ એવો એક બનાવ આકાશમાં બની રહ્યો છે, અને તે, ગત કેટલાં યે વર્ષોથી આપણી પૃથ્વીએ ન અનુભવેલી મંગળ, ગુરુ અને શનિ એ ત્રણ ગ્રહોની નિકટતા. દૂરબીન લઇને તમે જોવા માંડો તો એ નિકટતા ખૂબ કુતૂહલ-જનક જણાશે. ઈ.૧૯૩૬-૩૭માં શનિની અદૃશ્ય થએલી વીંટીઓ પાછી દૃશ્યમાન થવા લાગી છે, ને મંગળનો દક્ખણ હિમટોપ પણ આપણી તરફ ફરેલો છે.

ગુરુઃ આજ ૨૪ વરસ પછી, સપ્ટેમ્બરની ૨૭મીએ, પૃથ્વીની ૪ાા કરોડ માઇલ વધુ નજીક આવે છે.
મંગળઃ જુલાઈની ૨૫મીએ, આજ પંદર વરસ બાદ, પૃથ્વીની ૨ાા કરોડ માઇલ વધુ નજીક આવ્યો છે.
શનિઃ ઑક્ટોબરની ૨૨-મીએ, ૨૦ વર્ષે પછી પહેલી વાર, પૃથ્વીની ૬ાા કરોડ માઇલ નજીક આવે છે.

ગયાં સો વરસથી કોઇ એ ગ્રહો આપણી પૃથ્વીની આટલા નજીક નથી આવેલા. ને ત્રણ ગ્રહની સંનિધિને તો સૈકાઓ વીતી ગયા છે. પણ એટલું જ બસ નથી. ઉપરોક્ત ત્રણ ગ્રહો સિવાય પેલો દૂરનો યુરેનસ પણ ગયાં ત્રીસ વરસ કરતાં આ સાલે પૃથ્વીની વધુ નજીક આવી રહ્યો હોઇ મંગળ, ગુરુ ને શનિના પૃથ્વી પરના આકર્ષણમાં તે પણ થોડોઘણો ઉમેરો તો કરશે જ.


પૃથ્વીથી ૩૧૮ ગણા વજનના ગુરુ અને ૯૫ ગણા વજનના શનિના જબરા આકર્ષણની સાથે મંગળ ને યુરેનસના પણ થોડાઘણા આકર્ષણનો ઉમેરો આ પૃથ્વી પર શી અસર નીપજાવશે તેનો ખ્યાલ તમને આવે છે? વિજ્ઞાનીઓ અત્યારે એ વસ્તુ જ વિમાસી રહ્યા છે. એક પરિણામ તો તેઓ ધારી જ બેઠા છે કે પૃથ્વીની સપાટી પર ને વાતાવરણમાં એ આકર્ષણ જુવાળો ઊભાં કરશે ને ધરતીકંપો તથા જ્વાળામુખીઓનો ક્ષોભ પૃથ્વી પર જન્મશે. અમેરિકાના પાસિફિક કાંઠાએ તો ગયાં ૩૩ વર્ષમાં સૌથી કપરો ધરતીકંપ આ સાલે જ અનુભવ્યો છે. વળી આલાસ્કા ને પેલા નામચીન ક્રેકાટોઆના વિસ્તારમાં યે ઉત્પાત શરૂ થઇ ગયો છે, જ્યારે ગ્રીસ તથા પશ્ચિમ આફ્રિકામાં પણ ધરતીકંપના સખત આંચકા શરૂ થયા છે.

અને ગ્રહોના આકર્ષણમાં રહેલા બળનો તમને એટલા પરથી ખ્યાલ આવશે કે આપણી પૃથ્વીથી પંદરગણા ભારે યુરેનસને નેપચ્યુનના આકર્ષણે અવકાશમાં લાખો માઇલ ગબડાવી મૂકેલો! એ ઉપરથી તો લ વેરિયર ને ઍડમ્સ નેપચ્યુનનું સ્થાન નક્કી કરવા શક્તિમાન નીવડેલા. ગુરુ ને શનિના રાક્ષસી કદ સાથે મળીને નીપજતું આ આકર્ષણ પૃથ્વી પર શી વિશેષ અસર કરે છે તે જોવાનું રહ્યું.

પણ આ ગ્રહોની નિકટતા એક વધુ કુતૂહલ આપણામાં પ્રેરે છે, અને તે એ કે, આપણી પૃથ્વીનાં એ પડોશી જગતોની દુનિયા કેવી હશે? એમના પર કશી જીવસૃષ્ટિ હશે ખરી? હશે તો તે કેવીક હશે?

આપણી પૃથ્વીનો જ દાખલો લઇએ તો ઉષ્મામાનની બે પરાકોટિ વચ્ચે જ તેની સઘળી જીવકોટિ મર્યાદિત રહી છે. ૨૫૦ ડિગ્રી ફારનહાઇટથી ઉપર જઇએ તો સઘળી સજીવતા નાશ પામી જાય, તેમ ૪૦૦ ડિગ્રી નીચે જઇએ તો સઘળા સૂક્ષ્માતિ જીવો યે નાશ પામી જાય. પણ ચન્દ્રની શીત કરાડો કે ગુરુની અગનભઠ્ઠી પર શું આપણને અજ્ઞાત એવાં જીવરૂપો નહિ હોય કે જે ઠંડી-ગરમીનો સબળો પ્રકોપ સહન કરી શકતાં હોય? વળી પૃથ્વી પર કાર્બન, ઑક્સિજન, હાઇડ્રોજન વગેરે મૂળતત્ત્વોમાંથી જીવન ઉદ્ભવ્યું તેમ બીજા ગ્રહો પર બીજાં જ કોઈ મૂળતત્ત્વોમાંથી જીવન કેમ ન ઉદ્ભવ્યું હોય?

સૌ પહેલો આપણે મંગળનો ગ્રહ લઇએ. તેના પર વાતાવરણ માલૂમ પડયું છે. દૂરબીન, રંગપટ ને ખગોલીય કૅમેરાથી વિજ્ઞાનીઓ હવે કોઇ પણ ગ્રહ



ભુંજાઇ ગએલો ગ્રહ ઠરી ગએલા - શીત ગ્રહો


પરનું વાતાવરણ જાણી શકે છે. એ નિરીક્ષણમાં જણાયું છે કે મંગળનું વાતાવરણ પૃથ્વી જેટલું વિપુલ તેમજ ઘટ્ટ તો નથી, પરંતુ તે પર પ્રાણવાયુ છે, ને પાણીની વરાળ પણ છે, જે બંને વસ્તુઓ જીવસૃષ્ટિ માટે અતિ અગત્યની છે. વળી તેના ખડકો ને ખનિજો આપણી પૃથ્વી જેવા જ છે, અને છીછરા છતાં ખારા ને મીઠા પાણીના સમુદ્રો પણ તેના પર છે.

પરંતુ ઠંડી અને ગરમી બંને આ ગ્રહ પર અંતિમતાએ પહોંચે છે. આપણે અહીંના જેવી જીવસૃષ્ટિ ત્યાં હોય તો આપણા ૨૫૦ થી ૩૦૦ દિવસના તેના ઉનાળામાં ભુંજાઇ જ જવાય; ને પછી આપણા ધ્રુવપ્રદેશોથી યે વધુ ઠંડો શિયાળો આવે, જે તેના ઉત્તર ધ્રુવમાં આપણા આઠ મહિના જેટલો સમય વર્તે છે ને દક્ષિણ ધ્રુવમાં એક વરસ જેટલો! ત્યાંની રાતો યે ખૂબ અંધારી અને લાંબી રહે છે; માત્ર તારાનો જ પ્રકાશ તે મેળવે છે, કારણ તેના બે ચન્દ્રો તો એટલા નાના છે ને એટલી ઝડપથી ફરે છે કે ગ્રહને એ કશો પ્રકાશ આપી શકતા નથી.

એટલે મંગળ પરના સમુદ્રો જો ઉનાળામાં સૂકાઇ જતા કે શિયાળામાં જામી જતા ન હોય તો તેમાં સામુદ્રી જીવો સંભવે, પણ આપણા સમુદ્રોમાંના કરતાં જુદા જ. પક્ષીઓ તે પર હોય તો ય પીંછાંથી ખૂબ ભરચક ને ઋતુ પ્રમાણે રંગ બદલતાં હોય. પશુઓ હોય તો ડીલે ગીચ રૂંવાટીવાળાં, અને મનુષ્ય—સૌથી ઊંચામાં ઊંચી બુદ્ધિમત્તા ધરાવતું પ્રાણી—હોય તો યે આપણા કરતાં અત્યંત સુરક્ષિત.

પણ મંગળ પરના જીવો આપણા જેવા રખે માની લેતા. તેનું ગુરુત્વાકર્ષણ આપણી પૃથ્વીના બારમા ભાગથી યે ઓછું હોઇ, ભારે હાડપિંજરોવાળાં ને પ્રબળ સ્નાયુઓવાળાં પ્રાણી ત્યાં ન સંભવે. એટલે આપણે અહીંના જેવા ગેંડા, કિબોકા (હિપોપૉટેમસ) કે હાથી જેવાં પ્રાણીઓ તો ત્યાં શોધ્યાં પણ ન મળે. ત્યાં જીવસૃષ્ટિ હોય તો ખૂબ તરવરાટભરી, નાજુક ને જબરી કૂદનારી હોય.

મંગળના ગ્રહમાન પરથી આપણે આટલી કલ્પના તારવી કાઢી. એ મુજબ કોઇ પણ ગ્રહનું ગ્રહમાન લઇ તમે તે પર જીવસૃષ્ટિનો સંભવ વિચારી શકો: ગ્રહોનું સૂર્યથી છેટું, તેનાં આકાર, વજન, સૂર્ય આસ-



ચાલુ મહિનાઓમાં આકાશમાં બની રહેલો અદ્ભુત બનાવ Courtesy: Illustrated London News
ચાલુ સાલમાં પૃથ્વીના ઇતિહાસમાં બની રહેલા એક વિરલ પ્રસંગને આ ચિત્ર મૂર્ત કરે છે. શનિ, ગુરુ અને મંગળ એ ત્રણે ગ્રહો સાથે દૂરનો યુરેનસ પણ આ સાલ પૃથ્વીની એટલો નિકટ આવી રહ્યો છે કે એ બધા ગ્રહોની એવી નિકટતા પૃથ્વીએ વર્ષો કે દાયકાઓ શું પણ સૈકાઓથી નથી અનુભવી. આ નિકટતા પૃથ્વીના ક્ષોભકર ભાવિની જે આશંકા વિજ્ઞાનીઓમાં જન્માવી રહી છે તેના સરળ નિરૂપણ સાથે પૃથ્વીનાં એ પડોશી જગતો પરની સૃષ્ટિનું રંગદર્શી બયાન આ સાથેનો લેખ આપે છે

પાસની તેની કક્ષા તથા તે પૂરી કરતાં લાગતા વખત પરથી તે પરની સજીવતાનો કયાસ કાઢી શકાય. કોઇ પણ એક ગ્રહનું સૂર્યથી અંતર જાણતાં તેને મળતા પ્રકાશ ને ઉષ્ણતાનું માપ કાઢી શકાય. વળી ગ્રહનું વજન મળતાં તે પરના વાતાવરણનું સ્થૈર્ય તથા તેના ગુરુત્વાકર્ષણનું પ્રમાણ પણ જાણી શકાય.

સૌથી મહત્ત્વની વાત એ છે કે કંઇ પણ સજીવતા ઉત્પન્ન થવા માટે કોઇ પણ ગ્રહ પર વાતાવરણ હોવું જરૂરી છે, ને એટલી જ જરૂરી એ વાતાવરણને જકડી રાખવાની શક્તિ છે. ગ્રહનું ગુરુત્વાકર્ષણ જો વાયુના

અણુઓને ધરી રાખવા જેટલું પ્રબળ ન હોય તો એ ધામે ધામે છટકતા જઈ અવકાશમાં ઊડી જાય છે.

આ પરથી જણાશે કે ગ્રહ વજનદાર હોય તો જ તે પર વાતાવરણ રહી શકે છે. દાખલા તરીકે બુધના ગ્રહનું વજન પૃથ્વીના વીસમા ભાગ જેટલું જ હોવાથી તે પર વાતાવરણ મુદ્દલ નથી, જ્યારે શુક્રનું વજન પૃથ્વીનું ⅘ હોવાથી તે પર લગભગ પૃથ્વી જેટલું જ વિસ્તૃત વાતાવરણ છે. એ મુજબ મંગળ પર પૃથ્વીથી પાંખું ને ચન્દ્ર પર વાતાવરણ લગભગ છે જ નહિ. એથી ઊલટું પૃથ્વીથી ૧૫ ગણા ભારે યુરેનસ કે ૩૦૦ ગણા ભારે ગુરુ પર અતિ ઘટ્ટ છે.

ચાલો ત્યારે આપણાં એ પડોશી જગતો પર એક ઊડતી નજર નાખી જઈએ.

બુધની એક બાજુ હમેશાં સૂર્ય તરફ રહેતી હોવાથી એની એક બાજુ સીસું પણ ઓગાળી નાખે એવો કપરો દિવસ પ્રવર્તે છે ત્યારે બીજી બાજુ એવી જ કારમી ઠંડી રાત. ને વાતાવરણ તો તે પર છે જ નહિ, એટલે જીવસૃષ્ટિનો કશો સંભવ ત્યાં રહેતો નથી. શનિનો મેખલામંડિત વજનદાર ગ્રહ, ભેદવો અશક્ય એવા વાદળાંના ૧૬૦૦૦ ફૂટ જેટલા જાડા થરથી આવૃત્ત છે. વળી એના વાતાવરણમાં બે કાતિલ ઝેરો રહેલાં છે,–મીથેન (માર્શ ગૅસ) અને ઍમોનિયા. શનિથી યે વજનદાર ગ્રહ ગુરુ પણ એ બંને ઝેરોથી ખચિત છે. આ બે ય ગ્રહો હજુ ઠંડા પણ નથી પડ્યા, જ્યારે યુરેનસ, નેપ્ચ્યુન ને પ્લૂટો પર તો સજીવતાને કશો સહારો મળવા સંભવિત જ નથી.

ત્યારે બાકી રહ્યા બે: મંગળ અને શુક્ર. ઇટાલિયન ખગોળશાસ્ત્રી શીઆપારેલીએ મંગળ પર દેખાતા આંકાઓને નહેરો તરીકે મનાવ્યા પછી એના પર વસતિ હોવાની તરફેણમાં તેમજ વિરુદ્ધમાં ખૂબ ઊહાપોહ ચાલે છે; અને એ પણ ખરૂં કે જીવસૃષ્ટિની વધુમાં વધુ સંભાવના પણ એ જ ગ્રહ ધરાવે છે. બાકી શુક્રનો ગ્રહ તો ખગોળવેત્તાઓને હજુ એક ગૂઢ રહસ્યરૂપે જ રહેલો છે. સૂર્યની નજીક તે આવેલો હોઈ, ગરમ હવા તે પર હોય; પણ વાદળાંના એવા ઘટ્ટ આવરણથી તે ઘેરાએલો છે કે દૂરબીનની આંખ પણ એ આવરણ ભેદી શકતી નથી. એટલે એની સપાટીની કશી બાતમી મળતી નથી. એના વાતાવરણનું સૌથી ઉપલું થર રંગપટ (સ્પેક્ટ્રોસ્કોપ)માં કશો પ્રાણવાયુ બતાવતું નથી. છતાં એની નીચે એ નહિ જ હોય એમ માની લેવાતું નથી. કેટલાક તો એને જબરા સમુદ્રોવાળો ભેજવાળો ગ્રહ પણ માને છે. પણ એના પૃષ્ઠ સંબંધે કશો ચોક્કસ નિર્ણય ન આપી શકાય.

આમ, આપણે સૂરજના પરિવાર પરની સજીવતાનો આખો પ્રશ્ન વિચારી રહેવા આવ્યા છીએ ત્યારે એક વાત કહી લીધા વગર છૂટકો જ નથી. અને તે એ કે, બીજા ગ્રહો પર વસતિની સંભાવનાનો ફેંસલો આણવા પહેલાં આપણી મર્યાદા સમજી લેવી જરૂરની છે; કારણ આપણે પૃથ્વીવાસીઓ ત્રણ પરિમાણમાં જ જીવનારાં પ્રાણી છીએ.

આ 'પરિમાણ' તે વળી શું, એ સવાલ કદાચ તમે પૂછશો. એનો ઉત્તર એ કે આપણને પદાર્થની લંબાઈ, પહોળાઈ અને જાડાઈનો જ માત્ર ખ્યાલ છે, જે એનાં ત્રણ પરિમાણો થયાં. બે પરિમાણોની દુનિયામાં આપણે જીવતા હોત તો આપણે સઘળા પદાર્થો માત્ર સીધી રેખા રૂપે જ જોઈ શકત. દાખલા તરીકે મેજ પર એક સિક્કો મૂકો. તમને એ ગોળ દેખાય છે તેનું કારણ તમે એ ઉપરથી જુઓ છો. એને બદલે સિક્કાની સમસપાટીએ જ તમારી આંખો ગોઠવો. હવે એ જ સિક્કો સીધી રેખા દેખાય છે ને?

આમ બે પરિમાણના સપાટ જગતમાં કશી આકૃતિ જ ન રહે—લાંબીટૂંકી રેખાઓ સિવાય. આપણી ત્રિકોણ, ચોરસ, વર્તુલ કે ષટ્કોણની આકૃતિઓનો એ પરિમાણના અધિવાસીને કશો ખ્યાલ જ ન આવે. એ જ મુજબ એક જ પરિમાણમાં જીવતી કોઈ દુનિયા હોય તો તેની દુનિયા રેખાને બદલે માત્ર બિંદુઓની જ બનેલી હોય.

હવે પરિમાણનો ખ્યાલ તમને આવી ગયો ને? આઇન્સ્ટાઇન કહે છે કે આપણને જ્ઞાત ત્રણ પરિમાણો ઉપરાંત એક ચોથું પરિમાણ પણ આવેલું છે. એ ચોથું પરિમાણ ભૂમિતિની પરિભાષામાં સમજવું તમને અઘરૂં પડશે. 'કુમાર'ના ૧૭૪મા અંકમાં એ ચોથા પરિમાણની જ વાર્તા આવી ગઈ. એ વાંચી લેજો અને પછી વિચારજો કે બીજા ગ્રહો પર એ ચારે પરિમાણમાં જીવતી કોઈ જીવસૃષ્ટિનો સંભવ છે કે નહિ.

'અનિકેત'



રામબાગ પ્લાન્ટેશન્સ

આદર્શ બાગબાનીના એક પ્રશસ્ય પ્રયત્નની કથા

આજથી ત્રણ વર્ષ પહેલાં ત્યાં મગફળીનું એક ખેતર હતું. વર્ષોની બેદરકારીને લીધે કસહીન બનેલી જમીનમાંથી એકાદ ખેડૂત કુટુંબનો નિર્વાહ મહામુશીબતે ચાલતો, અને એ ધરતીમાતામાં એથી વિશેષ ઉદારતા હોવાની કલ્પના જ કોઈને આવી ન હતી. એ દરમ્યાનમાં ગ્રામસુધારણાનું પ્રચંડ મોજું આપણા રાષ્ટ્રજીવન પર આવી ચૂક્યું હતું, અને એમાંથી અનેક કાર્યકર્તાઓ કાંઈક સક્રિય યોજના ઘડવાનું બળ મેળવી રહ્યા હતા.

કાઠિયાવાડના આ કાર્યકર્તા શ્રી રામજીભાઈ હંસરાજે પોતાની સંપત્તિને બીજા ઉદ્યોગોમાંથી વાળી લઈ ગ્રામોદ્યોગમાં રોકવાની શરૂઆત એ પહેલાં જ કરી દીધી હતી. તેમનું લક્ષ આ દિશા તરફ દોરાયું અને પરિણામે, આજ ત્રણ વર્ષના ગાળાએ તો એ ચિત્રમાં અજબ રંગ પૂરી દીધા છે. આજે ત્યાં આપણને કુદરતની પરમ સમૃદ્ધિ અને માનવીની નિર્માણશક્તિનો સુંદર સંયોગ જોવાનો મળે છે; અને દિનદિન વધતી જતી વસતિના પોકારને આહ્‌વાન દેતો વીસેક કુટુંબોને નિભાવતો, વર્ષોજૂનો દેખાતો 'રામબાગ' અહીં ખડો થઈ ગયો છે. આજે એ બાગને ફરતી એક સંસ્કૃતિ રચાઈ રહી છે. ખેતીની જૂની પરંપરા, જેમાં જમીન તથા હવાને ભાવતું બીજ તથા બીજને અનુકૂળ ખાતર અને પાણી, એટલાં જ તત્ત્વો તરફ લક્ષ અપાતું, એમાં આ બાગના નિર્માતા શ્રી રામજીભાઈએ યોજનાનું ચોથું તત્ત્વ ઉમેરીને એનો આખો દિદાર પલટાવી નાખ્યો છે. એમણે સમયના પટ પર બાગના ભાવી વિકાસક્રમનો નકશો અગાઉથી કલ્પી કાઢ્યો; અને પછી, જેમ પ્લાન ઉપરથી યંત્રનો નમૂનો બનાવવામાં આવે છે એમ, એ સમયના નકશાની એકેએક રેખાને બાગના સ્વરૂપમાં ઝીણવટથી ઉતારવા એમણે તકેદારી રાખી છે. અને એથી જ આટલા ટૂંકા સમયમાં એ બાગ કૃષિશાસ્ત્રની માત્ર પ્રયોગશાળા રહેવાને બદલે આખું વિદ્યાલય બની ગયો છે.

આ બાગ જોતાં વનસ્પતિઓની મૂંગી સૃષ્ટિ જાણે આપણી આગળ સજીવ લાગવા માંડે છે, અને એમાં પણ કોઈ વિશિષ્ટ પ્રકારની સમાજવ્યવસ્થા હોવાનો ભાસ થાય છે. કેટલાક છોડ બીજાની છાયામાં જ ઊગી શકે, કેટલાંક ઝાડ ફૂલ કે ફળ તો ન આપી શકે, પણ પોતાનાં ખડતલ શરીરથી પવનના ઘા ઝીલી પોતાનાં પાડોશીઓને આરામથી વધવા દઈ શકે, કેટલાંક એવા લાંબા ટાંટીઆ ફેલાવીને બેસે કે આસપાસમાં કોઈ પાડોશીને સહન જ કરી શકે, ત્યારે બીજાં કેટલાંક એવાં રસિયાં હોય કે પાસે કોઈ મિત્ર હોય તો જ તેને મઝા આવે, અને બીજાં કેટલાંક



રામબાગ પ્લાન્ટેશનના સ્થાપક અને સંચાલક
શ્રી રામજી હંસરાજ



રાગબાગના રસ્તા ઉપરથી ધારી ગામનું દૃશ્ય

વળી આરામનાં શોખીન હોવા છતાં એવાં ઘડાઈ ગએલાં હોય કે પ્રસંગ આવ્યે માગી મોટરમાં બેસનારની જેમ સાંકડમોકળમાં પણ ચલાવી લે; કેટલાક છોડને શીઆળાની ગુલાબી ઠંડી પસંદ આવે અને કેટલાક ગરમી હોય તો જ ખુશમિજાજમાં રહી શકે. આમ, દરેક વનસ્પતિની ચિત્રવિચિત્ર ખાસીઅત હોય છે. આપણે એકુન પણ આ બધી વિચિત્રતાઓથી પરિચિત તો હોય છે; પણ એ બધાને જમીન અને સમયના વિસ્તારમાં યોજનાબદ્ધ કરવામાં—કયી વનસ્પતિને ક્યાં, કોનાથી કેટલે છેટે, વરસના કયા ભાગમાં વાવવી જેથી બધા બને એટલી ઓછી જમીનમાં પોતપોતાનો વિકાસક્રમ બીજાને અંતરાયરૂપ થયા વગર પોતાની રીતે સાધી શકે એ બધું નક્કી કરવામાં ઘણી જ ત્રેવડ રાખવી જોઇએ છે. અને એ બધાં પછી પણ આર્થિક દૃષ્ટિ તો સતત સચવાઇ રહેવી જ જોઇએ. એ બધી મર્યાદાઓમાંથી સંપૂર્ણ સફળતા આપે એવો માર્ગ નક્કી કરવા માટે ખૂબ તૈયારી જોઇએ. આ સઘળી તૈયારીનું સંપૂર્ણ સ્વરૂપ તો બાગ જોવાથી જ સમજાય તેમ છે.

તમે બાગમાં પ્રવેશો છો કે તરત તમારી નજર સામેની પશુશાળા અને બાજુના ખાતરના ખાડાઓ પર પડે છે. પશુશાળા એકદમ સ્વચ્છ છે. તમે ધારો તો ત્યાં સૂઇ પણ શકો; કેમકે પશુધનની કાળજી માટે તો એ જરૂરનું ખરૂં જ, પણ ઉપરાંત એના નીકળતા એ ખાતરને વધુ સમૃદ્ધ બનાવવા ત્યાંની માટી પણ ખોદાઇને દર પખવાડિયે ખાતરના ખાડામાં આવી જાય છે. દૂર સંડાસની ઉપાડી શકાય એવી ટટ્ટીઓ પણ ફરતી રહી દર અઠવાડિયે નવા જ ક્યારાને ફળદ્રુપ બનાવે છે. પાસે જ પાવરહાઉસ છે. અને અહીં પણ, એરોપ્લેનની માફક, વૃક્ષોના જીવનમરણનો પ્રશ્ન હોવાથી પંપો માટે બે એન્જીન રાખવામાં આવ્યાં છે. પંપથી ખેંચાતા પાણીમાં વિદ્યુતનો પ્રવાહ એક નાના ડાયનેમોમાંથી સતત વહેતો રહી પાણીને વધારે તાઝગી આપે છે. કહે છે કે આ ઇલેક્ટ્રોકલ્ચરથી (આવા બીજા પણ બે પ્રયોગો જરા જુદી રીતે ત્યાં કરવામાં આવે છે) ઝાડ વધુ તંદુરસ્ત બને છે. બાજુના આફિસમાં તમને આખા પ્લાન્ટેશનનો નકશો જોવા મળે છે. પ્લાન્ટેશનના દરેક વિભાગનું જુદું નામ અને નંબર છે, અને એ દરેકનું સ્થાન તથા તેમાંનાં ઝાડો સંબંધી સંપૂર્ણ માહિતી અહીં આપેલી છે. એ વિભાગોનાં નામ પણ સંસ્કારી કુટુંબનાં બાળકોનાં નામ જેવાં છે, કેમકે એની કાળજી પણ એવી જ લેવાય છે.

તમે પ્લાન્ટેશનમાં આગળ વધો છો. અહીંનો મુખ્ય પાક પોપૈયાં અને કેળની જુદી જુદી જાતોનો છે. એ બધી જાતોનાં નામ પણ અત્યારે તો યાદ નથી આવતાં. પણ પેલો 'મધુબિંદુ' પોપૈયો (પોપૈયાની એક ખાસ જાત) ખાધો છે એટલે યાદ રહ્યો છે. આ પોપૈયાનો એવો સુંદર વિકાસ થાય છે કે તેને દસ મહિને જુવાની આવ્યા પછી એને પાંદડે પાંદડે થડ ઉપર લગભગ જમીનને લાગીને એટલે દોઢ બે ફૂટથી પોપૈયાં બેસે છે! (આ કવિતા નહિ પણ હકીકત છે; જોકે એ પોપૈયામાં કવિતા ઉપજાવવાની શક્તિ હોય એવું તો લાગે છે!) આ બે વૃક્ષ (પોપૈયાં અને કેળ) તો તુરત ફળનારી અને તેથી બાગને વહેલી તકે આર્થિક દૃષ્ટિએ સ્વાયત્ત કરનારી વનસ્પતિ તરીકે જ ઉપયોગી છે. પણ એ ઉપરાંત બાગના વિકાસમાં લાંબે



રામબાગનું પ્રવેશદૃશ્ય : સામે દેખાતી મઢુલીમાં ઑફિસ અને ઉપાહાર ભવન છે

ાળે મહત્ત્વ મેળવવા નિર્માએલા આંબા અને નાળી-ેરીનાં ઝાડ તથા પ્રયોગદશામાંથી પસાર થઇ રહેલાં કપુર, પીપરમીન્ટ, લીંડીપીપર, ગીનીઘાસ, કૃષ્ણવેલ, ગુલકંદ, જામફળ, દ્રાક્ષ એ બધાં પણ બાગની યોજનામાં પોતપોતાને સ્થાને આવી ગયાં છે. અને એ પછી વધુ કીમતી ઝાડોની વચ્ચે સમયના લાંબા ટૂંકા ગાળા માટે પડતી 'વૅકન્સી' (ખાલી જગ્યા) પૂરનારાં તાંદળજો, હૅલોફેક્સ, તનમનીયાં, પ્રભાતગૌરી, લલિતભાજી (Lettuce), મરચાં, ગદબ, ડુંગળી, લસણ, રીંગણાં ઇત્યાદિ, અથવા તો બાગની લીલી હરીઆળીમાં રંગ અને સુગંધ પૂરવા માટેનાં ગુલાબ, રાતની રાણી વગેરે પણ યોગ્ય ક્રમમાં ગોઠવાઇ ગયાં છે. કોને કયારે દાખલ કરવા, કયાં દાખલ કરવા, કયાં આસન આપવું અને કેટલો મોકળાશ આપવી એનું બજેટ અગાઉથી એવી કડક રીતે ઘડાઇ ગયું છે કે પછી તેનું પાલન તો યાંત્રિક રીતે જ થયે જાય છે.

બાગને બે છેડે બે જુદાં જ સૃષ્ટિસૌંદર્યો પર પડતી ચોકીદારની કોટડી પરની અગાસીઓ છે. એકના ઉપરથી તમારી નજર છેક ગિરનાર સુધીનું દૃશ્ય જુએ છે, અને બીજી પાસેથી શેત્રુંજી ચાલી જાય છે અને એની ભેખડ ઉપરથી તમારી દૃષ્ટિ પાછી પડે છે.

તમે થોડી વાર ત્યાં હવા ખાઇ 'અતિથિગૃહ'માં આવો છો. પછી તમને કૃષિમાં સાચો રસ હોય અને પ્રશ્નો પૂછો તો બાગની આર્થિક શકયતાઓ તમારી પાસે રજૂ કરવામાં આવે છે. અને અહીં તમને યોજનાશક્તિનો એક સુંદર નમૂનો જોવા મળે છે. તમારા હાથમાં બાગના 'દૈનિક અહેવાલ'નું એક છાપેલું પત્રક આવે છે. એમાં ગઇ કાલે કેટલું કામ બાકી હતું, આજે કયા એન્જીનથી, કયાં અને કેટલા કલાક પાણી પાયું, કાલ માટે કેટલું કામ બાકી રહ્યું, કેટલું બળતણ વપરાયું, કેટલી મજૂરી ચડી, બીજો શો ખર્ચ થયો, એ બધું બતાવેલું હોય છે. વળી આવક અને ખર્ચનો ખાતાવાર દૈનિક હિસાબ અને સુદી એકમથી આજ સુધીનો બંને બાજુનો એકંદર સરવાળો પણ બાંધેલો હોય છે. અને તે ઉપરાંત ફળઝાડોની વિશેષ હકીકત, દૈનિક હવામાનની વધઘટ, એન્જીન તથા પંપની હાલત, તેલની સીલક અને મુલાકાત લેનારા કોઇ તજ્જ્ઞના અભિપ્રાય વગેરે પણ ટૂંકમાં બતાવેલ હોય છે. આ બધી હકીકત રોજની રોજ પૂરાઈ એ ફૉર્મ નિયામક જ્યાં હોય ત્યાં તેમના પર મોકલાય છે. બધી આવશ્યક વિગતોની ચૂંટણી એવી દીર્ઘદૃષ્ટિથી એમાં કરવામાં આવી છે કે બાગ સંચાલનનું કામ ગમે ત્યાં દૂર બેઠાં પણ તે વડે કરી શકાય છે.

આમ વ્યવસ્થિત રીતે થતી ખેતીની શકયતાઓ બાગમાં મૂર્તિમંત થાય છે. અને જોકે એ બાગ અને એનું ઉત્પન્ન ખાનગી માલિકીનાં છે, છતાં એના વિપુલ ઉત્પાદને શકય બનાવેલ છત અને સોંઘારતમાં તો પ્રજાનો પણ ભાગ છે. એ ઉપરાંત એ પ્રયોગમાંથી મળી શકતું જ્ઞાન કાર્યપ્રણાલીની વધુ અને વધુ સુરેખ બનતી જતી રૂપરેખા પ્રજાની માલિકીનાં કરવાની ભાવના એના સર્જનનું બીજ હોવાથી સૌ કોઇને એ પ્રયોગ જોવા આવવા એના ઉત્પાદક નિમંત્રણો આપતા જ રહે છે. જે શ્રીમંતો પોતાની મૂડી રોકવા માટેનાં નવાં ક્ષેત્રોની શોધમાં હોય, જે વિદ્યાર્થીઓ કૉલેજના શિક્ષણ પાછળ વિફલ જતા દ્રવ્યનો વધુ વ્યવહારૂ ઉપયોગ કરવા તત્પર હોય, અને ખાસ

યૂ—તેહની અવસ્થા આજે ૫૦ વરસથી યે વધુ છે; પણ તેની નસોમાં જુવાનીનું એ જ લોહી વહી રહ્યું છે. આ જ પણ એનામાં એ જ ઉત્સાહ, એ જ લગની, એ જ દીવાનાપણું છે.

બ્રિટિશ પાર્લામેન્ટ

ટેમ્સ નદીને કાંઠે ઊભેલી બ્રિટિશ પાર્લામેન્ટની લાંબી ભૂખરી ઈમારત દેખાવે તો પુરાણી લાગે છે, છતાં રાણી વિક્ટોરિયાના અમલ જેટલી એ આધુનિક છે. ઇંગ્લંડના નૉર્મન ને પ્લૅન્ટાજેનેટ રાજાઓ અગિયારમી સદીથી જ્યાં વસતા આવેલા ને જેના ખંડોમાં પાછળથી ત્રણસો વરસ સુધી પાર્લામેન્ટ બેઠેલી એ વેસ્ટમિન્સ્ટરનો જૂનો મહેલ તો ૧૮૩૪ના ઑક્ટોબરની ૧૬મીએ એક કામદારની ગફલતથી આખો જ સળગી ગએલો.

સર ચાર્લ્સ બૅરીએ નિયોજેલી તેની હાલની આઠ એકરની ઇમારત ઇ. ૧૮૫૨માં ઊભી થઇ. એમાં દીવાને આમ ને દીવાને ખાસ ઉપરાંત પુસ્તકાલયો, ભોજનખંડો, ધૂમ્રપાનખંડો, કમિટીઓના ખંડોની લાંબી કતાર, પ્રધાનોના અને વિરોધ પક્ષના નેતાઓના ખાનગી ખંડો, ઉપરાંત સ્પીકર, આમ સભાના સાર્જન્ટ–ઍટ–આર્મ્સ તથા બંને સભાઓના નિવાસો મળી તેમાં પાંચસોથી પણ વધારે જુદા જુદા ખંડો છે. એના ક્લૉક ટાવરનું મોટું ઘડીઆળ 'બિગ બેન' તો મશહૂર છે જ.

પાર્લામેન્ટની કાર્યવાહી સવારના અગિયારથી શરૂ થઇ રાતના અગિયાર સુધી ચાલે છે ને વરસના આઠ મહિના તેના સભ્યો, ઉમરાવો ને અફસરો ગૃહાંગણેના ને પરદેશોના અનેક પ્રશ્નોમાં રચ્યાપચ્યા રહે છે; એના ઉપરના મજલે જ્યાં બંને સભાઓના કમિટીખંડો આવેલા છે ત્યાં અઠવાડિયાના ગમે તે દિવસે જોઇએ તો યે પાંચ છ 'પ્રાઇવેટ બિલ કમિટીઓ' મળી આવે. સ્થાનિક સંસ્થાઓ, રેલવે કંપનીઓ, બંદરગાહો વગેરેની માગણીઓની, એ ચાર સભ્યોની બનેલી કમિટીઓ ન્યાયની અદાલત જેમ તપાસ ચલાવે છે. 'પબ્લિક બિલો' જેમ જ આ 'પ્રાઇવેટ બિલો'ને પણ બંને સભાઓની મંજૂરીની જરૂર રહે છે, જો કે કમિટીની ભલામણ પછી વિરોધ ભાગ્યે જ ઊઠે છે

એ જ વખતે બીજા ખંડમાં વળી કોઇ 'સિલેક્ટ કમિટી' બેઠી બેઠી શારીરિક સજાઓ, રસ્તા પરના અકસ્માતો કે એવા જ જાહેર હિતના સવાલો ચર્ચી રહી હોય. એવી કમિટીઓ પાંચથી વીસ સભ્યોની બનેલી હોય છે. એ માટે જરૂર પડે તો એ બીજાઓની જુબાની કે સલાહસૂચનો પણ લે છે. કોઇ પણ નવા ધારા કે સરકારી કૃત્યનો આધાર આ સીલેક્ટ કમિટીઓના રીપોર્ટ પર જ હોય છે.

આમ સભાના બે મોટા ખંડો પાંચ 'સ્ટૅન્ડિંગ કમિટીઓ'-એ રોકેલા હોય છે. એની ફરજ આમ સભાએ સ્વીકારેલાં બધા બિલોની કલમોનો અભ્યાસ કરવાની હોય છે.

આ કમિટીઓની બેઠક સામાન્યતઃ એક વાગે ખલાસ થાય છે. સવા ત્રણ વાગ્યે આમસભા મળે છે. ચાર્લ્સ બીજાએ




સુંદર ચિત્રો અને શિલ્પથી સુશોભિત
લૉબીમાં થઇને હાઉસમાં જતા લૉર્ડ હાલિફાક્સ

ભેટ આપેલા રૂપાજડિત દંડ સાથે પ્રવેશતા સાર્જન્ટ-ઍટ-આર્મ્સની પાછળ પાછળ સેક્રેટરી અને ચૅપ્લેઇન સાથે સ્પીકર દાખલ થાય છે ને પ્રાર્થના બાદ એ પોતાની બેઠક લેતાં કાર્યવાહી શરૂ થાય છે. સ્પીકરની ખુરશીના જમણી બાજુના બાંકડા પર પ્રધાનો બેસે છે જે આમસભાના સભ્યો હોય છે.

સૌ પહેલો આરંભ પ્રશ્નો—પાર્લામેન્ટરી પદ્ધતિના સૌથી કીમતી અંગ—થી થાય છે. દરરોજ સાઠથી એંશી કે એથી યે વધુ પ્રશ્નો હોય છે. દરેક પ્રશ્ન પહેલેથી છપાઇ, તેના પર સંખ્યાંક ચડાને રજૂ થાય છે. સવાચારે પ્રશ્ન સમય પૂરો થાય છે અને 'ઑર્ડર્સ ઑવ ધ ડે' આરંભાય છે. એમાં કોઇ નવા કાયદાનો ખરડો ઘડવાનો હોય, કોઇ ઠરાવ પસાર કરવાનો હોય, કર કે વ્યય સંબંધેની દરખાસ્તો હોય કે કોઇ સરકારી ખાતાની ચર્ચા હોય એ ચર્ચાચર્ચી સામાન્યતઃ રીતે અગિયાર સુધી ચાલે છે. ક્યારેક વહેલી ખલાસ થાય તો સભા વહેલી ઊઠે છે, તો ક્યારેક મધરાત કે એથી મોડે સુધી પણ બેસે છે.

શાહી સંમતિ મેળવી પાર્લામેન્ટના કાયદારૂપે પરિણત થયા પહેલાં દરેક બિલને બંને સભાઓની એકથી વધુ ભૂમિકાઓ પસાર કરવાની હોય છે. બિલનું પહેલું વાંચન તો એક પ્રકારની રૂઢિ જ છે. બીજું વાચન એનું ભવિતવ્ય નક્કી કરે છે. ત્યારે જ એના મુખ્ય મુદ્દાઓ ચર્ચાય છે ને તેના સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય થાય છે. ત્યારબાદ જુદીજુદી કમિટીઓને હાથે સુધારા વધારા પામી આખરી ત્રીજા વાંચન માટે એ



ઇંગ્લંડનો વડો પ્રધાન ચેમ્બરલેઈન આમસભાને સંબોધે છે.

રજૂ થાય છે. એ ત્રીજા વાંચન સુધી યે તેનો અસ્વીકાર થઇ શકે છે, જો કે એવું ભાગ્યે જ બને છે.

ઉમરાવ સભાની કાર્યવાહી તો આમસભા જેવી જ હોય છે, પણ એમાં નાનીમોટી કમિટીઓની માથાકૂટ નથી હોતી. એમની બેઠકો ને બેસવાના ગાળામાં પણ તફાવત રહે છે. ઉમરાવસભા શુક્રવારે કે સોમવારે ભાગ્યે જ મળે છે. અઠવાડિયામાં એમના કાર્યદિવસ માત્ર ત્રણ. એ દિવસોએ સામાન્યતઃ સવા-ચાર વાગ્યે એ મળે છે ને છની આસપાસ તો ઊઠી જાય છે સાડાસાતથી વધુ તો એ ભાગ્યે જ રોકાય છે. એના સભ્યો તો આમ સભાથી યે વધુ (૬૧૫થી ૭૭૫) હોય છે, પણ મોટે ભાગે એ ખાલી જ દેખાય. આમસભાનું ચાળીસ સભ્યોનું જે ઓછામાં ઓછું કૉરમ છે તે ઉમરાવ સભાનું મોટે ભાગે વધુમાં વધુ કૉરમ રહે છે. આમસભાના સભ્યો વાર્ષિક ૬૦૦ પૌંડ પગાર મેળવે છે, જ્યારે આ ઉમરાવોને કંઈ નહિ.

વરસમાં એક વાર, ઑક્ટોબર કે નવેમ્બરમાં જ્યારે પાર્લમિન્ટનું સત્ર શરૂ થાય છે ત્યારે ઇંગ્લંડનો રાજા તેની મુલાકાત લે છે ને તેના પ્રધાનોએ દેશપરદેશોની પરિસ્થિતિ પર તૈયાર કરી આપેલું ભાષણ વાંચી જાય છે.

દક્ષિણ અમેરિકા

આઠ કરોડની વસતિ અને પૃથ્વીના ભૂમિભાગનો સાતમો હિસ્સો ધરાવતા આ ખંડ વિષે આપણે બહુ ઓછું જાણીએ છીએ. ઘણાને ખબર નહિ હોય કે દસ પ્રજાસત્તાક રાજ્યો ધરાવતા આ ખંડમાં ચાર તો બહુ જબરાં રાજ્યો છે ને બાકીનાં યે ઇંગ્લંડ કરતાં તો બમણાથી યે મોટાં છે.

એ આઠ કરોડની જનતાને આપણે બે ભાગમાં વહેંચી શકીએ. એનો અરધાથી સહેજ ઓછો ભાગ એના મધ્યવર્તી પ્રદેશ બ્રાઝિલમાં રહે છે અને પોર્ટુગીઝ ભાષા બોલે છે. બાકી રહેલા ચાળીસ લાખ ચોરસ માઈલ પ્રદેશની સઘળી વસતિ સ્પેનિશ ભાષા બોલે છે. એ બધાં રાજ્યો એક વખત સ્પેનનાં સંસ્થાનો હતાં. એ નવા ખંડ પર સૌ પહેલો છાપો મારનાર પણ સ્પેન જ. એણે ઈ. ૧૪૯૨માં વસાહત આરંભી ત્યારપછી ઇંગ્લંડ તો ૧૧૫ વરસે જાગ્યું ને ઇ. ૧૬૦૭માં આજના યુનાઇટેડ સ્ટેટ્સમાં વસાહત આરંભી.

સ્પેને પોતાનાં સંસ્થાનોનો બહુ વિપરીત રીતે લાભ લેવા માંડ્યો, પણ સંસ્થાનોની પ્રજા એ સાંખી ન શકી. ઇ. ૧૮૨૦માં આખું દક્ષિણ અમેરિકા ‘સ્વાતંત્ર્યયુદ્ધ’માં ઝૂકી પડ્યું ને બોલિવાર, મિરાન્ડા, સાન માર્ટિન ને સુક્રે જેવા નરોએ છેવટે સ્પેન પાસેથી પોતાનું સ્વાતંત્ર્ય છીનવી લીધું.

સ્વાતંત્ર્ય મેળવ્યા બાદ દક્ષિણ અમેરિકાનાં રાજ્યોએ ખૂબ વિકાસ સાધ્યો છે. બ્રાઝિલની સાંકડી છતાં સમૃદ્ધ રાજધાની બુએનોસ એરીઝ, પેરૂનું લીમા કે ચીલીનાં જોડિયાં નગર વાલપરૈઝો ને સાનશિયાગો કે કોલંબીઆ ને બોલિવિયાની પહાડી રાજધાનીઓ બોગોટા ને લા પાઝ જેવાં નગરો સાથે મોન્ટીવીડિયો, રોઝારીઓ કે બૅરેન્કવીલા જેવાં પૂર્ણ વિકસિત બંદરો યે ખીલ્યાં છે. આર્જેન્ટિનામાં આવેલા પંપાનાઃ વિસ્તારો, ઢોરોના વૈપુલ્ય કે દ્રાક્ષોના જબરા પાક કરતાં યે દક્ષિણ અમેરિકામાં એક વાત વધુ ધ્યાન ખેંચે છે કે, જેમ દક્ષિણ તરફ વધતા જઇએ તેમ ઠંડીનું પ્રમાણ વધતું જાય. એનું કારણ દક્ષિણ ધ્રુવની તેની નિકટતા છે.

ઇતિહાસની સૌથી કરુણ કથની : દુષ્કાળ

દુષ્કાળે માનવજાત પર પાડેલાં વીતકોની કથા જેટલી કરુણ તેટલી જ અવર્ણનીય તેમ જ દુઃખદાયક છે. છેક પ્રાચીન કાળથી એ કરુણ કથનીની અજબગજબની વાતો ઇતિહાસને ચોપડે નોંધાતી રહી છે.

દુષ્કાળના વખતમાં એક સ્થળેથી બીજે સ્થળે અનાજ, ઘાસચારો વગેરે લઇ જવાની સગવડતા ઓછી હોય તેમ તેની કરુણતાની કથની વધુ ને વધુ ત્રાસજનક થઈ પડે છે. એવે સમયે અનાજ તેમ જ ઘાસચારાની જ્યાં પુષ્કળતા હોય ત્યાંથી જ્યાં જરૂર જણાય એવાં તંગીવાળાં સ્થળોએ મોકલી શકવાની સગવડ થઈ શકે તો દુષ્કાળપીડિતોનાં દુઃખો ભલે તદ્દન દૂર ન થઇ શકે પરંતુ કેટલેક અંશે અલબત્ત ઓછાં તો થઇ જ શકે છે. છેક પ્રાચીન કાળમાં દુકાળ વખતે ખોરાક તેમજ ઘાસચારાને વાસ્તે જે ત્રાસ જનતાને ભોગવવો પડતો તેનો સાચો ખ્યાલ આજના વિજ્ઞાનયુગમાં

વસનારાં મનુષ્યોને ભાગ્યે જ આવી શકે. આજે તો એક સ્થળેથી બીજે સ્થળે માલની હેર-ફેર કરવા માટેનાં અનેક પ્રકારનાં સમત્કારભર્યાં સાધનોની શોધ કરવામાં આવી છે, તેથી દુષ્કાળપીડિતોને પણ દુકાળનો અગાઉ જેટલો ત્રાસ સહન કરવો પડતો નથી એમ કહેવામાં ન્યૂનોક્તિ જેવું કશું યે નથી.

નીચે આપેલો કોઠો ઇતિહાસને ચોપડે ચઢેલા સૌથી વધુ ત્રાસજનક દુષ્કાળોની ટૂંકી નોંધ રજૂ કરે છે:

કયી સાલમાં	દેશનું નામ	તેની ત્રાસદાયક કથનીની ટૂંકી નોંધ
ઈ. સ. પૂ. ૪૩૬	રોમન રાજ્ય	એ સમયે દુષ્કાળની પીડામાંથી બચવા માટે હજારો મનુષ્યોએ ટાયબર નદીમાં ઝંપલાવીને તેમનાં દુઃખી જીવનનો અંત આણ્યો હતો.
ઈ. સ. ૪૨	મિસર	ઘણો જ ત્રાસદાયક દુષ્કાળ.
,, ૬૪૧	ભારતવર્ષ	આ દુષ્કાળે અન્નના અભાવે મનુષ્યોને માનવભક્ષી બનાવ્યાં હતાં.
,, ૧૦૨૨	,,	
,, ૧૦૩૩	,,	
,, ૧૦૧૬	સમસ્ત યુરોપખંડ	
,, ૧૦૪૮ થી -૧૧૫૯	મિસર	આ દુષ્કાળ અગિયાર વર્ષ સુધી લંબાયો હતો એ જ એના ત્રાસની પારાશીશી ગણાય.
,, ૧૦૫૫	ઇંગ્લંડ	
,, ૧૧૬૨	સમસ્ત દુનિયા	સાર્વત્રિક દુષ્કાળ. તેના ત્રાસની કથા અવર્ણનીય જ ગણાય.
,, ૧૫૮૬	ઇંગ્લંડ	આ દુષ્કાળને પરિણામે ગરીબોને માટે કાયદાની પદ્ધતિ (Poor Law System) નો ઉદ્‌ભવ થયો.
,, ૧૭૬૯–૭૦	બંગાળા	એક કરોડ મનુષ્યો તેમજ અસંખ્ય ઢોર મરાયાં.
,, ૧૭૯૦ થી ૯૨	ભારતવર્ષ	આ દુષ્કાળનું નામ 'ખોપરીઓ દુષ્કાળ' (The Skull Famine) હતું. એવું નામ પાડવાનું મુખ્ય કારણ એ હતું કે મરણ પામેલાંની સંખ્યા જ એટલી બધી હતી કે મૂએલાં મનુષ્યોને અવ્વલમંજલ પણ પહોંચાડી શકાયાં નહોતાં અને તેથી માણસોની ખોપરીઓ જાહેર રીતે રખડવા પામી હતી.
,, ૧૮૪૬-૪૭	આયર્લેંડ	બટેટાંનો પાક નિષ્ફળ જવાથી આ દુષ્કાળ પડવા પામ્યો હતો.
,, ૧૮૬૬	બંગાળા અને ઓરિસા	દશ લાખ મનુષ્યો મરણ પામ્યાં.
,, ૧૮૭૬-૭૮	મુંબાઇ ઇલાકો, મદ્રાસ ઈલાકો ને માઈસોર	ભૂખમરાથી તેમજ દુષ્કાળપીડાથી પચાસ લાખ મનુષ્યો મરાયાં હતાં.
,, ૧૮૭૭-૭૮	ઉત્તર ચીન ને ભારતવર્ષ	ભૂખમરાથી નેવું લાખ મનુષ્યો મરાયાં હતાં. ભારતવર્ષમાં એ દુષ્કાળને ચોત્રીસા કાળના નામથી ઓળખાવવામાં આવે છે, જ્યારે અનાજની એટલી બધી તંગી હતી કે અનાજના દાણા એકરૂપિયાના તોળીને નહિ પણ ગણીને વેચાયા હતા. એ ઉપરથી તેના ત્રાસનો કંઇક ખ્યાલ આવી શકે ખરો.
,, ૧૮૯૧-૯૨	રશિયા	
,, ૧૮૯૯ ૧૯૦૧	ભારતવર્ષ	છપ્પનિયાને નામે ઓળખાતા આ દુકાળ વખતે દશ લાખ મનુષ્યો ભૂખમરાનો ભોગ બન્યાં હતાં. એ સમયે પોતાનાં બાળકોને છોડીને માબાપો ચાલ્યા ગયાના દાખલા કાળને ચોપડે નોંધાએલા છે.
,, ૧૯૨૧–૨૨	રશિયા	વીસ લાખ કરતાં પણ વધુ મનુષ્યો ભૂખમરાથી મરણ પામ્યાં હતાં.

આ કોઠામાં ન ઉલ્લેખ થયો હોય એવા નાના મોટા કેટલાક દુષ્કાળો ભારતવર્ષના જુદા જુદા પ્રાન્તોમાં પડ્યા હોવાની નોંધ મળે છે ખરી, પરન્તુ એવા દુષ્કાળનો વિસ્તાર નાના પ્રાન્તો પૂરતો જ હોઇને ઉપર જણાવેલા ભયંકર દુષ્કાળ જેવા ત્રાસજનક ન ગણાય. પરંતુ એટલું તો સ્પષ્ટ જ છે કે દુનિયાના બીજા કોઇ પણ રાષ્ટ્ર કરતાં ભારતવર્ષ દુષ્કાળના સૌથી વધુ ત્રાસનો અનુભવ છેક પ્રાચીનકાળથી અવારનવાર કરતું આવ્યું છે. ત્રિભુવન વિરજીભાઇ હેમાણી

આપણી ચલણી નોટો ને પોસ્ટ કાર્ડ ક્યાં છપાય છે?

હિંદુસ્તાનના લોકોના હાથોમાંથી દરરોજ કેટલી યે ચલણી નોટો, ટિકીટો, કવરો ને પોસ્ટકાર્ડો પસાર થાય છે પણ એ બધાં ક્યાંથી તૈયાર થઇને બહાર પડે છે તે ઘણા નહિ જાણતા હોય.

ભારતમાં નોટોના ઇતિહાસનો આરંભ ઇ. ૧૮૬૦ પછીથી થાય છે. એ પહેલાં અહીં એનું ચલણ ન હતું. ૧૮૬૧માં ઇંગ્લંડની બૅંકે ભારતીય નોટ છાપવી શરૂ કરી અને ૧૮૬૨ના માર્ચમાં હિંદમાં તેની પહેલી પ્રસિદ્ધિથી તે ૧૯૨૮ સુધી ત્યાં જ તે છપાતી રહી. ટિકીટ, કાર્ડ વગેરે છાપવાનો ઇજારો લંડનની ડેલા રૂ કંપનીએ રાખેલો ને ૧૮૬૨થી ૧૯૨૪ સુધી એ પણ ઇંગ્લંડમાં જ છપાતાં રહ્યાં.

પણ એ ઇજારાઓની મુદ્દત પૂરી થતાં અહીંની સરકારને લાગ્યું કે એ સઘળાંની છપાઇ હિંદમાં જ થવી જોઇએ. એ માટે હવામાન વિચારી, યોગ્ય સ્થાનની શોધ કરતાં મુંબાઇથી ૧૨૫ માઇલ પર આવેલા નાશિક પર પસંદગી ઊતરી.

ઇ. ૧૯૨૪ના સપ્ટેંબર મહિનામાં પ્રેસ માટે નાશિકમાં જમીન ખરીદાઇ. નવેંબર ૧૯૨૫માં છપાઇકામ શરૂ થઇ ગયું, અને ચલણ વિભાગ, ટપાલ અને તાર વિભાગ, અદાલતોના તથા ભારત સરકાર અને પ્રાન્તીય સરકારોના કર વિભાગો માટેનાં સઘળાં છાપકામ ત્યાં થવા લાગ્યાં. નોટો છાપવાનું કામ ૧૯૨૮થી શરૂ થયું.

આ પ્રેસમાં રોજ ૧૦,૫૦,૦૦૦ એકવડા પોસ્ટ કાર્ડો, ૨,૭૦,૦૦૦ જવાબી પોસ્ટકાર્ડો, ૪,૦૦,૦૦૦ કવરો અને જુદાજુદા મૂલ્યની ૧૫,૦૦,૦૦૦ નોટો છપાઇને બહાર પડે છે.

શહેરોનો રાક્ષસ ધુમાડો

માણસજાત એ સૌથી વધુ વ્યયખોર જાતિ છે. છતાં નવાઇની વાત એ છે કે એ વ્યયનો એ ભાગ્યે જ વિચાર કરે છે. વિજ્ઞાનના દૃષ્ટિબિંદુએ જોઇએ તો સૂકી જમીન પરનું પાણીનું એકે ટીપું દરિયામા જવા દેવું એ વ્યય છે. એવી જ રીતે વાહનોનો કે યંત્રોનો ઘોંઘાટ એ પણ વ્યય છે, કારણ એ કોઈ ઉપયોગી વસ્તુ પર પડતા વિશેષ બોજાની નિશાની છે. નદીઓમાં ધોવાઈ જતી માટી એ પણ વ્યય છે, ને એવો ભયંકર વ્યય છે કે ભૂમિખંડોની ફળદ્રુપતાનો એથી નાશ જ થતો જાય છે.

એવી જ રીતે કારખાનાંઓનાં ભૂંગળાંમાંથી વળોટાતો બહાર નીકળતો ધુમાડો પણ વ્યય છે. એ ધુમાડો એક જાતનું કાચું દ્રવ્ય છે એ તમે જાણો છો? એમાંથી કેટલી યે દવાઓ, રંગો, વાર્નિશો, દાહ્ય પદાર્થો, ડામર વગેરે બનાવી શકાય. આ જાણ્યા પછી કોઈ મિલના ભૂંગળામાંથી નીકળતો ધુમાડો જોઇ તમે નિઃશંક કહી ઊઠશો, માનવજાતને ઉપયોગી અનેક ચીજોથી ભરેલા એક દ્રવ્યનો અપવ્યય થઇ રહ્યો છે.

અને શહેરની પ્રજા માટે તો એ ધુમાડો શાપરૂપ છે. તેમાં યે આપણું આ શહેર તો તોબા. થોડા વખત પહેલાં જ અમદાવાદની હવાનું રાસાયણિક પૃથક્કરણ અહીંની મ્યુનિસિપાલિટીએ કરાવ્યું હતું તેમાં મુંબાઈથી ૩ ગણી આપણી હવા વધારે અશુદ્ધ માલૂમ પડી હતી. એ અશુદ્ધિઓ—એમાં મુખ્યત્વે ડામરના કણો ને ગંધકના તેજાબના વાયુઓ (tar and acid sulphur gases) શ્વાસમાં ભરી ભરી શહેરી માણસ એનાં ફેફસાં કોરતો આવે છે. પત્થરને પણ એ ધુમાડો નુકસાન કર્યા વિના નથી રહેતો ને? ઇંગ્લંડના ડિરેક્ટર ઑવ વર્ક્સ સર ફ્રાન્ક બેઇન્સે અડસટ્ટો કાઢ્યો છે કે ઇંગ્લંડનાં મકાનોને એકલા એ ધુમાડાએ જ ૬૦ કરોડ પૌંડનું નુકસાન પહોંચાડ્યું છે. જો કાળમીંઢ પત્થરો યે એથી જર્જરિત બનતા હોય તો કુમળાં ફેફસાંનું શું ગજું?

એટલે આ ધુમાડો શહેરી જીવન પર કાપ મૂકી રહેલો મોટામાં મોટો રાક્ષસ છે. અને એ રીતે એમાં રહેલા મૂલ્યથી યે વધુ મૂલ્યવાન જીવનની ત્રણ વસ્તુઓ તે વેડફે છે, ને તે મનુષ્યનાં લોહી પરસેવો ને આંસુ. ડૉ. ગ્રીનવૂડે સાચું જ કહ્યું છે કે ગામડાંઓ કરતાં શહેરોમાં રોજી મળવી મુશ્કેલ છે એટલું મરવું મુશ્કેલ નથી.

આ રાક્ષસ મારફત થતો માનવશ્રમનો ને મૂલ્યવાન દ્રવ્યનો વ્યય અટકાવવો એમાં જ માનવતાનું ભૂષણ રહેલું છે.

પોસ્ટકાર્ડ પર કરેલી અરજી કાયદેસર છે

સામાન્ય રીતે સરકારી કોઇ પણ ખાતામાં અરજી કરવી એટલે હાંસિયો પાડેલા ફુલ્સકેપ કાગળ પર હોવી જોઇએ એવી લોકોમાં સમજ છે.

પણ આ પ્રથાને કાયદાનો કોઈ પણ જાતનો બંધનકારક ટેકો નથી. થોડા જ વખત પર મુંબાઇની વડી અદાલતે ચુકાદો આપ્યો છે કે પોસ્ટ કાર્ડ પર—કાર્ડ પર (અલબત્ત, જરૂરી સ્ટાંપ (ટકીટ સાથે જ) કરેલી અરજી તદ્દન કાયદેસર છે.

પૂનાના શ્રી શંકર લક્ષ્મણ વૈદે લોકસગવડ ખાતર આ મુદ્દો નક્કી કરાવવા અદાલતમાં કરવાની એક અરજ પોસ્ટ કાર્ડ પર લખી અને ઘટતા સ્ટાંપ સાથે મોકલી. તેમને આમાંથી કશો લાભ અંગત રીતે મેળવવાનો ન હતો. પણ ગામડાના ગરીબ લોકોને, ગામમાં ફુલ્સકેપ કાગળ વેચાતા પણ ન મળે તે ખાતર શહેરમા જઇ ખાસ લખનારા મુખત્યાર વગેરેની ખુશામત કરીને કે નાણાં આપીને જ અરજી લખાંવવી પડે, ફુલ્સકેપ કાગળના ને પરબીડિયાના પૈસા ખર્ચવા પડે (શહેરીઓને નવાઈ લાગે, પણ ગામડાંમાં ઘણાને એટલું નાણું પણ ખર્ચવું મુશ્કેલ પડે છે) તે ટાળવા માટે તેમણે આ એક અજમાયશ કરી.

ને અજમાયશ કંઇ સરતી ન નીવડી. તેનું તોફાન સારી પેઠે ચાલ્યું. ખૂબ પત્રવહેવાર થયો. સાતારા જીલ્લા અદાલતે પણ પત્તાઅરજીને સ્વીકારવા ના પાડી. છેવટે શ્રી વૈદ વાત મુંબાઈની વડી અદાલત સુધી લઈ ગયા, અને ધારાસભામાં પણ તે સંબંધે સવાલ પૂછાયા. પરિણામે વડી અદાલતે

નિર્ણય આપ્યો કે ચુકાદો કે બીજા કાગળોની નકલો વગેરે કામો માટેની અરજી પોસ્ટ કાર્ડ પર કરેલી હશે તો પણ ચાલશે જ.

ગામડાના પ્રજા આ પરથી છુટકારાનો એક દમ અવશ્ય ખેંચશે. (દાંડીઓ)

ફારસી અને સંસ્કૃતનો સંબંધ

પ્રાચીન ઈરાન અને આર્યાવર્તનો ઘનિષ્ઠ સંબંધ અનેક રીતે અનેક પુરાવાઓથી સાબિત થઇ ચૂક્યો છે. અહીં માત્ર એ બંનેનું ભાષાસામ્ય દર્શાવતા થોડા શબ્દો ઉતાર્યા છે:

સંસ્કૃત	ફારસી	ગુજરાતી	સંસ્કૃત	ફારસી	ગુજરાતી
પિતૃ	પેદર	પિતા	ગોધૂમ	ગન્દુમ	ઘઉં
માતૃ	માદર	માતા	યવ	જૌ	જવ
ભ્રાતૃ	બિરાદર	ભાઇ	માષ	માશ	મગ
દુહિતૃ	દુખ્તર	દીકરી	ક્ષીર	શીર	દૂધ
શ્વશ્રુ	ખુસ્ર	સાસુ	મસ્તુ	માસ્ત	દહીં
દન્ત	દન્દ	દાંત	કપિ	કપી	વાંદરો
પૃષ્ઠ	પુશ્ત	પીઠ	ગો	ગાવ	ગાય
પાદ	પાય	પગ	ખર	ખર	ગધેડો
ચક્ષુ	ચશ્મ	આંખ	ઉષ્ટ્ર	ઉશ્તુર	ઊંટ
સાયં	શામ	સાંજ	શૃગાલ	શગાલ	શીઆળ

અટુલી દીવાદાંડી

મુંબાઇથી ૨૦૦ માઇલ દૂર વેંગુર્લા નામનો ખડક હિંદી મહાસાગરમાં આવ્યો છે. તે ખડક પર દીવાદાંડી બાંધેલી છે. તે દીવાદાંડીમાં જે માણસો રહે છે તેમને ખૂબ એકલવાયું લાગે છે. ન તો એ ખડક ઉપર વસતિ, ન તો ખડકની તદ્દન નજીકમાં કોઇ વસતિવાળો ટાપુ. ચોમાસા સિવાય બીજી ઋતુમાં દરિયો જ્યારે શાંત હોય ત્યારે એ લોકોને ખોરાક અને શાકભાજી હોડીઓથી પહોંચાડાય છે, પણ ચોમાસામાં કોઈની તાકાત નથી કે ત્યાં હોડી લઇ જવાનું સાહસ કરે. આથી હિંદી સરકારે એ દીવાદાંડીવાળાઓને માટીના ૫૦૦ કોથળા આપ્યા છે. એ માટીમાં એ લોકો શાકભાજી તેમજ કોઇ અનાજ ઊગાડી શકશે. એ ઉપરાંત સરકારે તેમના દિવસ આનંદમાં પસાર થઈ શકે તે માટે એક નાદયંત્ર (ગ્રામોફોન), ઘરમાં રમવાની રમતોનાં સાધનો તથા એક નાનું સરખું પુસ્તકાલય આપેલ છે.

બીજી એવી એક અટુલી દીવાદાંડી ગ્રીન આયર્લૅંડ નામના ખડક પર છે. એ ખડક બ્રિટિશ કોલંબીઆના કિનારાથી થોડે દૂર છે. —અમૃતલાલ નાયક

થાક જણાય તો મોસંબી ખાઓ

શરીરમાં દેખીતો કંઇ રોગ ન હોય ને છતાં સતત થાકની લાગણી સાથે સુસ્તી અનુભવાતી હોય તો તે દૂર કરવા મોસંબી જેવું એકે સાધન નથી. એ સુસ્તીનું કારણ શરીરમાં વીટામિન સી નો અભાવ છે. એનો અભાવ સતત ચાલુ રહ્યો તો નાના મોટા અનેક રોગો થવા પામે છે. અને એના ગુણની તો એ જ તારીફ બસ છે કે કૅલિફૉર્નિયા યુનિવર્સિટીના ડો. હેટ્રિકે જખમી જનાવરોને માત્ર મોસંબીના રસ પર રાખતાં તેમનાં જખમો સહેલાઇથી રૂઝાવી શકાયા હતા.

નવી કેડીઓ

ટાઉનહૉલમાં આપણે દેશનેતાઓના ફોટોગ્રાફો ટાંગીએ છીએ. પરંતુ હિંદના હિતને ખાતર કુરબાની કરનારા ઘણા પરદેશીઓને આપણી પ્રજા હજુ ઓળખતી નથી. એવા મહાનુભાવોના ફોટા, તેમનાં કાર્યોની નોંધ સહિત, જાહેર સ્થળોએ રખાવાની જરૂર છે. અને બની શકે તો તો એવા જ ફોટાઓની એક આખી ગૅલેરી ઊભી થવાની પણ જરૂર છે. કોઇ દેશપ્રેમી આ કામ ઉપાડી લે. —હ.

વિકસતું વિજ્ઞાન

આજનો નિસર્ગોપચાર રેચક દવાઓની વિરુદ્ધ પડતો જાય છે એ જરા યે ખોટું નથી. જુલાબ લેવાથી શરીરમાં ખોરાકમાંના ચૂનાના ક્ષારો શોષાતા અટકી જાય છે ને એ ક્ષારો પછી તે ખોરાકને બદલે કરોડરજ્જુ તથા બીજાં હાડકાંઓમાંથી શોષવા માંડે છે. આ રીતે ૩૫ વર્ષથી જુલાબ લેવાની ટેવવાળા ડેન્માર્કના એક દર્દીની કરોડરજ્જુ ચાર ઇંચ ટૂંકી થઈ ગઇ છે.

ન્યૂમોનિયાને હરાવવા માટે જે નવા અકસીર ઔષધોની શોધખોળ ચાલુ છે તેમાંના બે બહાર પડયા છે. એક છે પિટ્સબર્ગની મેલન ઇન્સ્ટીટ્યૂટે શોધી કાઢેલું 'હાઇડ્રોક્સી-એથીલેપૉક્યુપ્રાઇન' અથવા 'નં. ૭,' અને બીજું 'એમ ઍન્ડ બી-૬૯૩'. એમાંનું બીજું ઔષધ ૧૦૦માંથી ૯૨ કેસોમાં વિજયી નીવડયું છે, એમ જાહેર કરવામાં આવ્યું છે.

આપણે પોતે · આપણો દેશ · આપણી પૃથ્વી

પુખ્ત માણસના શરીરમા સરેરાશ ૧૨ રતલ લોહી હોય છે.

આપણું હૃદય બરાબર આપણી મૂઠીના કદ ને આકારનું હોય છે.

આખા શરીરનું સઘળું લોહી દર મિનીટે એક વખત આપણા હૃદયમાંથી પસાર થાય છે.

છેલ્લાં ૨૦ વરસમાં આપણા દેશનું શિક્ષણપ્રમાણ માત્ર ૩ ટકા વધ્યું છે.

૭૦ ટકા જેટલી કૃષિક વસતિ ધરાવવા છતાં આપણા દેશમાં માત્ર ૨૧ જ ખેતીવાડી કૉલેજો છે, ને તેમાં ભણનારા માત્ર ૧,૪૬૮.

આપણી પૃથ્વી પર માત્ર ધ્રુવના પ્રદેશો જ એવા છે જ્યાં રોગના કોઈ જંતુઓ પેદા નથી થતા.

આપણી પૃથ્વી પરની બધી નદીઓ મળીને વર્ષે ૬૮૦૦ ઘન માઇલ પાણી મહાસાગરોમાં રેડે છે.

મહાન ગ્રીક ફિલસૂફ સોક્રેટિસને કોઇએ 'દુષ્ટ' કહેતાં તેના શિષ્યોએ તેની ખબર લેવા માંડી ત્યાં સોક્રેટિસે આવી પહોંચી તેમને વારતાં કહ્યું: 'હું કંઇ પાપથી મુક્ત નથી. આ ભલા માણસે મારા ચહેરા પર ક્યારેક પાપના વિચારો અંકિત થએલા જોયા હશે. નિત્યાભ્યાસથી હું તે દૂર કરવા પ્રયાસ કરી રહ્યો છું.'

અનેકાર્થી શબ્દ: **જંજીરો**=પાણીમાં બાંધેલો કિલ્લો; ટાપુ, બેટ; એક જાતની પૈડાંવાળી નાની તોપ; હનુમાનની સાધનાનો મંત્ર, જંતર; કસબી કિનાર.

કહેવતોના અર્થ: 'પાથરણું જોઇ પગ તાણવા'—પોતાની મર્યાદા પૂરતી વિચારીને પછી પગલું ભરવાની શિખામણરૂપ આ કહેવત છે. એને મળતી કહેવતો: 'સોડ પ્રમાણે સાથરો કરવો,' 'ગજા પ્રમાણે ગાતર કરવી.' 'ઘંટી પ્રમાણે ઓરણું ને ચૂલા પ્રમાણે ખોરણું,' 'ઘર પ્રમાણે બારસાખ,' વગેરે.

ગણિતગમ્મત


$૧^{૨} - ૦^{૨} = ૧ + ૦$
$૨^{૨} - ૧^{૨} = ૨ + ૧$
$૩^{૨} - ૨^{૨} = ૩ + ૨$
$૪^{૨} - ૩^{૨} = ૪ + ૩$
$૫^{૨} - ૪^{૨} = ૫ + ૪$
$૬^{૨} - ૫^{૨} = ૬ + ૫$
$૭^{૨} - ૬^{૨} = ૭ + ૬$
$૮^{૨} - ૭^{૨} = ૮ + ૭$
$૯^{૨} - ૮^{૨} = ૯ + ૮$
$૧૦^{૨} - ૯^{૨} = ૧૦ + ૯$

અને એ પ્રમાણે આગળ.

—કાન્તિલાલ મનસુખલાલ જોષી

આપણાં ફેફસાંમાં બધાં મળીને સાડા બોતેર કરોડ શ્વાસકોષો રહેલા છે.

પૂર્વ પશ્ચિમ ૧૭૦૦ માઇલ ને ઉત્તર દક્ષિણ ૨૦૦૦ માઇલ વિસ્તારના આપણા દેશને ૫૦૦૦ માઈલનો દરિયાકિનારો ને ૬૦૦૦ માઈલ જમીનની સરહદ છે.



શીશીને સજ્જડ બેઠેલું કાચનું ઢાંકણું ઉઘાડવા જોર અજમાવશો તો ભાંગી બેસશો. તે કરતાં શીશી ને સ્ટૉપર વચ્ચે તેલનાં થોડાં ટીપાં નાખો એટલે સરળતાથી ઉઘડી આવશે.

મકાનમાલિક: અમને અહીં કશો ઘોંઘાટ ન જોઇએ એ પહેલી શરત છે. તમને કંઇ છોકરાં છે?

ભાડુઆત: ના.

'હાર્મોનિયમ, રેડીઓ, ગ્રામોફોન?'

'જી, ના.'

'બીજા કશા વાજિંત્રનો શૉખ છે? કૂતરો, બિલાડી, પોપટ કંઇ પાળેલ છે?'

ભાડુત (ચીડાઇને): 'ના જી, પણ મારી ફાઉન્ટેન પેન તરડાઇ ગઇ હોઇ ક્યારેક અવાજ કરે છે.'

ચીની ભાષામાં મજૂર માટે વપરાતા શબ્દનો અર્થ 'શ્રમ વેચનાર' થાય છે.

મોરોક્કોનો શાહ મુલ્લાં ઇસમાઇલ ઇ. ૧૭૨૭માં ગુજરી ગયો ત્યારે તેને ૫૪૮ છોકરા અને ૩૪૦ છોકરીઓ હતી! પ્રાચીન ઇજીપ્તના ફારોહ રામેસીસને ૧૬૨ છોકરાં હતાં જ્યારે ઈ. ૧૯૧૦માં સયામનો રાજા ચૂડાલંકાર ગુજરી ગયો ત્યારે ૩૦૦૦ પત્નીઓથી તેને ૩૭૦ છોકરાં હતાં જેમાં ૧૩૪ છોકરા અને ૨૩૬ છોકરીઓ હતી

પુરાણમાં સગર રાજાના ૧૦૦૦ પુત્રોની વાતની પણ અહીં નોંધ લેવી ઘટે!



સામાન્ય રીતે કાચબો મંદગતિ ગણાય છે, પણ તેનો ઘાટ સંપૂર્ણ વૈજ્ઞાનિક— ઘર્ષણ અને હવાનું દબાણ પસાર કરે એવી રચનાવાળો (પૅરેબોલિક) છે. કલાકે ૨૩૧ માઇલની ઝડપ કરનારી મોટર પણ આવી પૅરેબોલિક ઢબે જ બનાવાઇ હતી. તે પછીની ૨૪૫ માઇલની ઝડપ કરનારી મોટર તો બરાબર કાચબા ઘાટની જ હતી. બરોબર સીધી રાખેલી નળીવાળી બંદૂક ફૂટતાં તેની ગોળી હવામાં પૅરેબોલા કરતી જ છટકે છે.

સવારના ઊઠતી વખતે શરીર ભારેખમ અને અપચા જેવું જણાય તો લીંબુનો રસ ઠંડા પાણી સાથે પી જવો.

ઝાંખું પડી ગએલું સોનેરી ભરત ફટકડીનો ભુકો ઘસવાથી પાછું રોનકદાર બનાવી શકાય છે.

કડક થઈ ગએલા ચામડાના પટ્ટાને સાબુના પાણીમાં સારી રીતે બોળીને છાંયે સૂકવી દેવો; ત્યાર બાદ તેલનો આછો હાથ મારવો.

દુનિયામાં સૂકામાં સૂકો પ્રદેશ ચીનાઇ તુર્કસ્તાનનું ત્રણ લાખ ચોરસ માઇલના વિસ્તારનું રણ છે.

દુનિયાનું સૌથી વિસ્તૃત શહેર ફિલિપાઇન ટાપુઓને ઠેઠ દખ્ખણે છેડે આવેલું ઝામ્બોઆંગા છે—૧૦૫૯ ચોરસ માઇલનું. એથી બીજે નંબરે ચીકાગો (૮૩૩ ચો. મા.), પછી લંડન (૬૯૯) લૉસ ઍન્જેલિસ (૪૪૨.૫), બર્લિન (૩૪૮) અને ન્યૂ યૉર્ક (૩૧૦) આવે. આટલા વિસ્તારનું છતાં એની વસતિ તો એકાદ સામાન્ય શહેર જેટલી, ૧,૦૧,૦૪૮ છે.